પ્રારંભ - મહા સુદ - પૂનમ
સમાપ્તિ - ફાગણ વદ - ૧૨

(૧)

ન્યાયવિશારદ-મહોપાધ્યાય-શ્રીયશોવિજયકૃતં

# સામાચારી પ્રકરણમ્ - પદાર્થ સંગ્રહ

* સંસાર = દુઃખો રૂપ તરંગોના સમુદાયથી ભયંકર એવો સમુદ્ર
  દુઃખ = સમુદ્રના તરંગો
  વહાણ = ચારિત્ર
  યાત્રિકો = ભવ્યજીવો
  અનુકુળપવન = સમ્યકરીતે સામાચારીનું પાલન

* મંગળ ફળની ઈચ્છાવાળા કર્તા - ૧. સામાચારીવર્ણન ૨. ભગવાન વર્ધમાન સ્વામીની સ્તુતિ

* સ્તુતિ = કલ્પવૃક્ષની વેલડી સમાન
  ફળ = ભગવાનના ગુણોનું વર્ણન
  અનેભક્તિ - શ્રદ્ધાથી થયેલ સ્તુતિ વડે શીઘ્રતાથી મોક્ષપદની પ્રાપ્તિ.

સંગ્રહ કર્તા :
- આ.ભ. શ્રી જગચ્ચંદ્રસૂરિ શિષ્ય
મુનિ નિર્ગ્રન્થચંદ્ર વિ.
(કડેલાવાળા)

## ✱ સામાચારીનું નયવિભાગથી વિવેચન -

| ક્રમ | નય | નયની વ્યાખ્યા | પ્રથમમતનું વિશેષ્ય |
|---|---|---|---|
| ૧ | સંગ્રહનય | सामान्यमात्रग्राही परामर्शः सङ्ग्रहः ।<br>સામાન્ય સ્વરૂપે દરેક વસ્તુને ગ્રહણ કરનાર અધ્યવસાય | आया = આત્મા |
| ૨ | વ્યવહાર નય | सङ्ग्रहेण गोचरीकृतानामर्थानां विधिपूर्वकमवहरणं येनाऽभिसन्धिना क्रियते स व्यवहारः<br>સંગ્રહનયવડે સામાન્યથી વિષય કરાયેલ પદાર્થોનું વિધિપૂર્વક = પોતાના સામાન્યના નામગ્રહણપૂર્વકનું વિભજન જે અધ્યવસાયથી થાય તે. | सामायरन्तो = સામાચરણ કરતો |
| ૩ | ઋજુસૂત્ર નય | ऋजु- वर्तमानक्षणस्थायिपर्यायमात्रं प्राधान्यतः सूचयन् अभिप्रायः<br>વર્તમાનક્ષણે રહેલ પર્યાયને જ પ્રધાનતાથી કથન કરનાર અધ્યવસાય. | उवउत्तो = उपयुक्त |
| ૪ | શબ્દ નય | कालादिभेदेन ध्वनेरर्थभेदं प्रतिपद्यमानः शब्दः ।<br>કાલાદિના ભેદથી અર્થભેદને સ્વીકારનાર શબ્દ નય છે. | सुसंजओ = सुसंयत |
| ૫ | સમભિરૂઢનય | पर्यायशब्देषु निरुक्तिभेदेन भिन्नमर्थं समभिरोहन् समभिरूढः<br>પર્યાયવાચી શબ્દોમાં વ્યુત્પત્તિના ભેદથી ભિન્ન અર્થનું પ્રતિપાદન કરે તે | तिगुत्तो = त्रिगुप्त |
| ૬ | એવંભૂત નય | शब्दानां स्वप्रवृत्तिनिमित्तभूतक्रियाविष्टमर्थं वाच्यत्वेनाऽभ्युपगच्छन् एवम्भूतः ।<br>શબ્દોની પોતાના પ્રવૃત્તિનિમિત્ત રૂપ ક્રિયા તેનાથી ભેદાયેલો વાચ્યપણાથી સ્વીકારે તે એવંભૂત. | सावज्जजोगविरओ = सावद्ययोगविरत |
| ૭. | નૈગમનય | सामान्यविशेषादि अनेकधर्मोपनयनपरोऽध्यवसायः<br>નૈગમઃ = સામાન્ય વિશેષ આદિ અનેક ધર્મોને સ્વીકારનાર અધ્યવસાય તે | સઘળાય વિશેષણો |

Note Book Date / /

| પ્રથમ મતનો હેતુ | દ્વિતીય મતનું વિ. | દ્વિતીય મતનો હેતુ |
|---|---|---|
| * આત્મા સામાચારી છે, અનાત્મા = આત્માથી ભિન્ન કોઈ ગુણ એ સામાચારી નથી<br>* ગુણ-ગુણીનો અભેદ કરીને.<br>* સમ્યક્ અને દોષદુષ્ટ બાહ્ય ક્રિયાને સામાચારી કહે | આયા = આત્મા | * પ્રથમ મત પ્રમાણે જ |
| * આત્માને સામાચારી કહેતા સર્વ આત્મામાં સામાચારીનો પ્રસંગ આવે. આથી<br>* ઈચ્છાકારાદિ - સામાચારીનું આચરણ કરનાર આત્મા સામાચારી છે. | સાવજ્જજોગવિરઓ = સાવદ્ય યોગથી વિરત | * હિંસાદિ સાવદ્ય યોગથી વિરત બનેલો આત્મા એ વ્યવહાર નયથી સામાચારી છે.<br>* ચતુર્થ ગુણસ્થાનવર્તી પણ સાવદ્ય યોગોનો ત્યાગ કરેલ દ્રવ્યલિંગી સાધુ |
| * દ્રવ્યલિંગી વ્યવહારથી સામાચારીનું આચરણ કરે છે. આથી 'ઉપયુક્ત' પદ મુકતા તેનો વ્યવચ્છેદ થઈ જશે<br>* ઉપયુક્ત = જ્ઞેયપરિજ્ઞા - પ્રત્યાખ્યેયપરિજ્ઞાપર | તિ ગુત્તો = ત્રિગુપ્ત | * સાવદ્ય યોગોને ત્યાગનારો પણ ચોથા ગુણસ્થાનકમાં વર્તતો આત્મા તેનાથી ત્રિગુપ્ત નથી માટે..<br>* ત્રિગુપ્તિથી ગુપ્ત આત્મા સામાચારી છે.<br>* ~~સંયમગુણસ્થાનકવર્તી~~ |
| * સુસંયત = છએ જીવનિકાયમાં સંઘટ્ટના-પરિતાપનાદિથી વિરત હોય તે.<br>* અન્યથા - અવિરત સમ્યગ્દૃષ્ટિ પણ સામાચારી પરિણામને પ્રાપ્ત થઈ જાય ઉપયુક્ત હોવાથી | સુંસજઓ = સુસંયત | * દેશવિરતિની સામાચારીને નહી ઈચ્છતો શબ્દ એ સુસંયત વિશેષણ પણ મુકશે |
| * સુસંયત પદ લેતા પ્રમત્ત સંયત પણ આવી જશે. આથી ત્રિગુપ્ત વિશેષણ આપ્યું.<br>* ત્રિગુપ્તિ = અકુશલ ચિત્તનો નિરોધ, કુશલ ચિત્ત પ્રવૃત્તિ કરણ<br>* "એકગ્રહણે..." ન્યાયથી પાંચસમિતિનું ગ્રહણ | ઉવઉત્તો = ઉપયુક્ત | છઠ્ઠાથી દશમાં સુધી (ગુણ.) સામાચારીને નહી ઈચ્છતો સમભિરૂઢ પણ ઉપયુક્ત વિશેષણ આપે છે. |
| * આમતો અપ્રમત્તાદિઓનું પણ ગ્રહણ થઈ જશે તેનો ફળ = પાપનાશલ રૂપ ફળવગર તેનો સદ્ભાવ નક્કી ન કરી શકાય<br>* કરતા હોવા કાર્યનો જ એવંભૂત સ્વીકાર કરે છે દા.ત. કોઠારમાં પડેલ બાજ એ અબીજથી વિશેષ નથી<br>* અવદ્યથી સહિત વિદ્યમાન જે છે તે સાવદ્ય = કર્મબંધ તેની સાથે યોગ = વ્યાપાર તેનાથી વિરત = અટકેલ | સમાચરન્ = સમાચરણ કરતો | * યોગનિરોધ કાળ સુધી સામાચારીને નહી ઈચ્છતો એવંભૂત માત્ર યોગનિરોધ કાળે સામાચારીને માને છે. |
| * નૈગમ શુદ્ધાશુદ્ધ ભેદથી જે પ્રકારે હોવાથી સઘળાય વિશેષણોથી વિશિષ્ટ, અથવા બેત્રણ આદિ વિશેષણવાળો આત્મા સામાચારી છે. | સઘળાય વિશેષણો | પૂર્વની જેમ. |

Note Book Date / /

* હવે નિશ્ચયનય દ્વારા અને વ્યવહારનય દ્વારા સામાચારીનું લક્ષણ જણાવે છે -

(૧) નિશ્ચય સામાચારી = નિશ્ચયનયને આશ્રયીને "ઈચ્છકાર" આદિ લિંગવડે અનુમાન થઈ શકે તેવો વિચિત્ર ચારિત્રાવરણીય કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલ જીવનો પરિણામવિશેષ

→ આમ 'ઈચ્છાકાર" આદિના પ્રયોગ વિના પણ સામાચારી સંભવે છે.

→ લિંગવિના પણ લિંગીનું દર્શન શક્ય છે (૧) લોખંડના ગોળામાં ધૂમ વિના પણ અગ્નિનું (૨) શ્રેણિકાદિમાં અવ્યક્ત પ્રશમાદિ છતા સમ્યક્ત્વનું

→ વ્યવહારનય પણ પરિણામને જ સામાચારી ગણે છે, પરંતુ ગૌણભાવે. મુખ્યભાવે તો વ્યવહારસમર્થ ઈચ્છાકારાદિ પ્રયોગને જ સ્વીકારશે.

→ નિશ્ચય સઘળાય નયોમાં વ્યાપ્ત હોવાથી વ્યવહારનો વિષય નિશ્ચયના વિષયમાં જતો રહેવાથી નિશ્ચયની વિષયતાનો ભંગ થતો નથી, "સવ્વે નયા ભાવમિચ્છંતિ" "ભાવનતોઽપિ નયાઃ સર્વે"

→ નિશ્ચય સામાચારીનું ઈચ્છકારાદિનો પ્રયોગ એ લિંગ નથી. માયાદિથી પણ ઈચ્છાકાર આદિ સંભવ છે. ભાવપૂર્વક કરાતા ઈચ્છાકારાદિ માયાથી દૂષિત હોતા નથી.

"અયં સાધુઃ સામાચારીપરિણામવાન્ ભાવપૂર્વક-ઇચ્છાદિશબ્દપ્રયોગાત્

આમાં રહેલ હેતુમાં ભાવ શબ્દ સામાચારી પરિણામને (સાધ્યને) જ જણાવતો હોવાથી વિશેષહેતુ વિના આ અનુમાન અન્યોન્યાશ્રય દોષદુષ્ટ છે.

સમાધાન = "માયાદિ વિના" આ એ હેતુનું વિશેષણ હોવાથી અનુમાન સત્ય જ છે પરંતુ માયાદિના ભ્રમાત્મક જ્ઞાનથી સામાચારીનું ભ્રમાત્મક જ જ્ઞાન ઉત્પન્ન થાય તેમાં આ અનુમાનનો કોઈ દોષ નથી અને આ જ રીતે જ નિર્યુક્તિકાર ભગવંતે 'સહાલય વિહારાદિના લિંગથી સુવિહિતપણાની અનુમિતિ કરેલ છે.

(૨) વ્યવહાર સામાચારી = "ઈચ્છકાર' આદિ શબ્દોનો પ્રયોગ એ વ્યવહાર સામાચારી છે. ઓઘ-પદવિભાગ સામાચારીથી ભિન્ન, સામાચારી ઈચ્છકારાદિ માંથી કોઈક તે વ્યવહાર સામાચારી આમ કરતા લક્ષ્ય-લક્ષણનો અભેદ પણ નહી થાય.

(૧) શુદ્ધ વ્યવહાર નય = ભાવપૂર્વક દશપ્રકારનો શબ્દ પ્રયોગ

(૨) અશુદ્ધ વ્યવહાર નય = ભાવરહિત માત્ર શબ્દપ્રયોગ

Note Book Date / /

* દશ પ્રકારની સામાચારીનું સામાન્ય સ્વરૂપ :-

(૧) ઈચ્છાકાર = ઇષણં = इच्छा करणं = कारः = ઈચ્છાપૂર્વક મારા આ કાર્યને તમે કરો એવો પ્રયોગ

(૨) મિથ્યાકાર = मिथ्या = वितथ , મન-વચન-કાયાની દુષ્ટપ્રવૃત્તિનો મિથ્યા થાઓ એવો પ્રયોગ

(૩) તથાકાર = तथा = અવૈતથ્ય , ગુરુવડે કહેવાયેલા કાર્યમાં તે પ્રમાણે થાવ એવો પ્રયોગ

(૪) આવશ્યકી = અવશ્ય કરવાયોગ્ય કામની ક્રિયા તે આવશ્યકી

(૫) નૈષેધિકી = નિષેધથી તૈયાર થએલી = બનેલી તે નૈષેધિકી

(૬) આપૃચ્છા = મર્યાદા = વિનયલક્ષણવાળી મર્યાદામાં રહી વિહારાદિ માટે ગુરુને પૂછવું
અભિવિધિ = સર્વકાર્યોમાં વ્યાપ્ત એવી પૃચ્છના તે

(૭) પ્રતિપૃચ્છા = એકવાર નિષેધ કરવા છતા પ્રયોજનવશ ગુરુને પુનઃ પુછવું તે

(૮) છન્દના = શ્રાવકના ગૃહેથી ઉપાશ્રયમાં લાવેલ અશનના ઉપભોગ માટે વિનંતિ

(૯) નિમન્ત્રણા = શ્રાવકના ગૃહેથી ઉપાશ્રયમાં લાવ્યા પૂર્વેની વિનંતિ.

(૧૦) ઉપસંપદા = જ્ઞાનાદિ માટે અન્ય ગુરુનું આશ્રયણ.

→ "કાલ" શબ્દ ઉપસંપદા સાથે જોડાય છે અથવા સર્વત્ર જોડવો કેમકે
" सर्वमपि ह्यनुष्ठानं विहितकालकृतमेव फलवद् भवति नान्यथा "
અથવા કાલ = આવશ્યકનિર્યુક્તિમાં કાલોપક્રમ ~~કથ~~ કથન કરવાના સમયે કહેવાયેલ છે.

→ "તુ" જકારમાં દશ જ છે વધુ નહી વિભાગવાક્ય રૂપ ગાથા હોવાથી સામાચારી દશ છે એમ હોવા છતા સ્પષ્ટતામાટે જકાર છે.

→ કર્તાએ જેવો આગમોમાં આ અર્થ જોયો છે તેમ કથન કર્યો છે. આથી આ કથનોમાં અનુપાદેયપણાની શંકા કરવી નહી.

* "કાર" શબ્દના અન્વયની ચર્ચા =

(૧) ચૂર્ણિકારના મતે = "ઈચ્છાકાર"માં કારશબ્દ પ્રયોગનું કથન કરે છે. અને સર્વદ્વારમાં જોડાય છે.

→ "કાર" શબ્દનો પ્રયોગ અર્થ "રણત્કાર" ઈત્યાદિ પ્રયોગોમાં સ્પષ્ટ જ છે.

(A) "કાર" પ્રત્યય વર્ણને જ થતો હોવાથી 'वर्णात् कारः' સૂત્રમાં એકવર્ણની વિવક્ષા કરી પ્રયોજનના કારણે સૂત્રોક્ત અર્થનો આ સંકોચ થાય છે.

(B) અથવા "કાર" એ પ્રત્યય નથી પરંતુ શબ્દ છે, અન્યથા પ્રકૃતિના અર્થથી અન્યત્ર તેનો અન્વય ન થાય.

(i) તે શબ્દ પણ અસમસ્ત છે અન્યથા સર્વ દ્વારોમાં તેનો અન્વય ન થાય અને ~~આથી~~ 'ઈચ્છાદિ પદોનો કારશબ્દની સાથે અભેદાન્વય માટે ઈચ્છાદિ શબ્દો શબ્દપરત્વ = શબ્દવાચકત્વ સમજવું છે

(૧) અને જો કાર શબ્દ સમસ્ત માનીએ તો અન્યત્ર સ્થાનોમાં અનુવર્તન કરી જોડવો.

(૨) પંચાશક વૃત્તિ આદિમાં તો કાર શબ્દ માત્ર 'ઈચ્છા' દિ ત્રણ પદોમાં જોડી આવશ્યકાદિ પદોનું શબ્દપરત્વ = શબ્દવાચકત્વ સ્વીકારેલ હોવાથી ત્યાં કાર શબ્દને જોડાયો નથી.

→ આથી તેઓના (ચૂર્ણિકારના) મતે વ્યાકરણના નિયમો પ્રમાણે સાતેય પદો સાથે જોડવો સંભવ ન હોવાથી અર્થાપત્તિથી જ તેનો અર્થ સ્વયં સમજી લેવાનો છે.

"કાર" અન્વય ચર્ચા

- (૧) ચૂર્ણિકારનો મત
  - (૧) કાર એ પ્રત્યય છે અને વ્યાકરણ સૂત્રના સંયોગથી તે સિદ્ધ થાય છે.
  - (૨) "કાર" એ શબ્દ છે.
    - (૧) અસમસ્ત પ્રયોગ છે — ઈચ્છાદિ પદોનું શબ્દપરત્વ
    - (૨) સમસ્ત પ્રયોગ છે. — અન્ય સ્થાનોમાં અનુવર્તક
- (૨) પંચાશકવૃત્તિ, ઉત્તરાધ્યયનવૃત્તિનો મત
  - કારનો અન્વય માત્ર ઈચ્છાદિ ત્રણ પદો સાથે જ થાય છે.

* ઈચ્છાકાર આદિ દશેય સામાચારી ચાર પ્રકારે વર્ણન કરાય છે.
  (૧) લક્ષણ (૨) વિષય (૩) વિભાગ (૪) ફળ

* લક્ષણ = स्वकार्यकर्मके - च्छाकरणक - विधिवाक्य , परकार्यकर्मके - च्छा करणक - प्रतिज्ञावाक्या - ऽन्यतरत्वम्।

→ પોતાના કાર્યમાં સામેવાળાની ઈચ્છાના બોધ = જ્ઞાન માટે બોલાતુ વિધિવાક્ય સામેવાળાને પ્રતીતિ કરાવવા સ્વીકાર સ્વરૂપ પ્રતિજ્ઞા વાક્ય તે બંને.

વિધિ = કર્તવ્યતાનો બોધ કરાવતો કોઈ પણ પ્રત્યય માત્ર પંચમી નહી

પ્રતિજ્ઞા = હુ કરું છું કે હુ કરીશ ઈત્યાદિ જણાવનાર 'अस्मद्' અર્થનો પ્રત્યય

Note Book Date / /

* વિષય = અભ્યર્થના = પરપ્રવર્તનામાં અને વિધાન = પરના કાર્યના સ્વીકાર રૂપ પ્રતિજ્ઞામાં આ બંનેમાં ઈચ્છાકારનો પ્રયોગ ઉચિત છે.

* ફળ = ૧. ગુરુની બલાભિયોગના ત્યાગ પૂર્વકની આજ્ઞાનું આરાધન
૨. પ્રતિજ્ઞા કરાયે છતે શિષ્યના વિનયને જાણી ગુરુને આનંદ થતો હોવાથી શિષ્યને પુણ્યપ્રકૃતિનો અર્જન રૂપ ફળ
૩. (સાધારણ ફળ = ) સ્થિતિ = સંપ્રદાય તેનું પાલન = તેના અનુકૂલ આચરણ, અભ્યર્થના અને વિધાનમાં સાધુઓ ઈચ્છાકાર પ્રયોજે છે. આથી સંપ્રદાયભંગ રૂપ મોટા અનિષ્ટની પરંપરા ચાલુ ન થાય તો ઈચ્છાકાર વિના કાર્ય કરવાની ઈચ્છા જ ન થાય
૪. શિષ્ટાચારથી ઉત્પન્ન થયેલ મોટી નિર્જરાનો લાભ.
૫. ઉચ્ચગોત્ર = લોકમાં પૂજ્યતાના કારણભૂત કર્મનો બંધ થાય
૬. નીચગોત્ર = બલાભિયોગ નિમિત્તભૂત કર્મની હાનિ = નિર્જરા
૭. પ્રશસ્ત અધ્યવસાયથી શાસનમાન = શાસનપ્રભાવના પણ થાય.
ઈચ્છાકાર સામાચારીને જોનારના મનમાં

* માત્ર પ્રશસ્ત અધ્યવસાયવાળો સાધુ ~~રહે~~ પરંતુ પરની પીડાને દૂર કરવા રૂપ હિતકાર્યમાં વીર્યને ગોપવતો સાધુ પ્રશસ્ત અધ્યવસાયના શુભ ફળને જ પ્રાપ્ત કરે છે. વીર્યાચારના પાલનથી થતી નિર્જરાથી તે વંચિત રહે છે. આથી સંપૂર્ણ ફળના અર્થી સાધુવડે ભાવથી પ્રયત્ન કરવો જોઈએ.

* અન્ય સાધુવડે કરાયેલ ઈચ્છાકાર પ્રાર્થના કરાયેલ સાધુવડે પણ નિષ્ફળ ન કરવો ઈચ્છિત = પ્રાર્થિત કાર્યના સંપાદન કરવા દ્વારા તે સફળ કરવો. જો કાર્ય કરવાનું સામર્થ્ય ન હોય તો "તે કેમ થઈ શકે તેમ નથી" તે કારણના કથન પૂર્વક ઈચ્છાકાર કરવો. અન્યથા અનુગ્રહને માટે અવશ્ય કાર્ય કરવું જ.

* અત્યાર સુધી અપવાદ માર્ગનું પ્રરૂપણ કર્યું. ઉત્સર્ગ માર્ગ પ્રમાણે તો સાધુએ પોતાના બલ (શારિરિક સામર્થ્ય) અને વીર્ય (આંતરિક શક્તિ ઉત્સાહ) નું ગોપન કરવાનું નથી આથી કોઈ ઉત્કૃષ્ટ કાર્ય વિના સાધુને અભ્યર્થના કરવી કલ્પે નહિ.

→ જ્યારે વસ્ત્રસીવનાદિ પોતાના કાર્યથી અન્ય કોઈથી અસાધ્ય એવું વિશિષ્ટ કાર્ય આવે તો વિશિષ્ટ નિર્જરાથી પર પ્રતિ અભ્યર્થના કરે

→ તથા આ અભ્યર્થના વીર્યનું ગોપન કરનાર ~~છે~~ કરતો નથી પરંતુ અધિક વીર્યનો પ્રયોગ કરનાર ~~થાય~~ કરે છે આથી તે ઉત્સર્ગ વિરોધિની નથી. ઉત્સર્ગથી સાધ્ય ફળનું પ્રતિબંધક જે હોય તે ઉત્સર્ગ વિરોધિ ગણાય.

* જો ગ્લાનાદિ અશનાદિની અભ્યર્થના ન કરે, પોતે ગોચરી જવા માટે સમર્થ ન હોવાથી તેની પ્રાપ્ત થતું ન હોવાથી સંયમ ફળ = પ્રશમની વંચના થવી શક્ય છે. આથી અપવાદનો આશ્રય કરી ગ્લાનાદિ વડે અભ્યર્થના કરવી યોગ્ય છે.

→ રાત્નિક = ૧. જ્ઞાન-દર્શન-ચારિત્ર રૂપ રત્નો વડે જે અધિક હોય તે
૨. રત્નો સાથે જે વિચરતા હોય તે.

→ જ્ઞાનાદિ કાર્યને છોડીને રાત્નિક એ અભ્યર્થનાને યોગ્ય નથી.

* ઉત્સર્ગથી જેમ અભ્યર્થના કરવાની નથી તેમ રાત્નિકનું કાર્ય પણ ઉત્સર્ગથી કરવું નહી માત્ર અપવાદથી જ કરવું એવી કોઈ આપત્તિ આવે તો -

→ અન્યનું કાર્ય કરવું એ તો વીર્યાચાર છે. આથી મૂળગાથામાં ઉત્સર્ગથી પણ તેનો ક્યાંય પ્રતિષેધ કરાયો નથી.

પ્રશ્ન: આત્મલીનતામાં સ્થિર થયેલા પરમાં જોડાયેલ વૈયાવચ્ચ પણ શું અપવાદ માટે નહી થાય?

સમાધાન = શ્રામણ્ય = ચારિત્ર = આત્મલીનતા

ચારિત્ર ↓ મૂળ ↓ જ્ઞાનાચાર
આત્મલીનતા ↓ મૂળ ↓ વીર્યાચાર
(જ્ઞાનાચાર, વીર્યાચાર) → ઉત્સર્ગ

છતા પણ તેમા પરપ્રતિબંધ દેખાતો માત્રથી તે અપવાદ થતો નથી અને જો જ્ઞાનાચારથી વીર્યાચાર અપકર્ષવાન્ = નીચેના સ્તરનો હોય અને અપકર્ષ અને અપવાદ સમાનાર્થી શબ્દો હોય તો તો શૈલેશી સૌથી ઉત્કૃષ્ટ સ્થાન છે અન્ય સર્વ નીચેની સ્તરના હોવાથી બધું જ અપવાદ થઈ જશે.

→ આજ્ઞાબલાભિયોગની શંકાના પરિહાર માટે જે ઈચ્છાકાર હોય તો બીજના ઈચ્છાકારને જોઈને સ્વયં ઈચ્છાને કરે તેનો સામે ઈચ્છાકાર શા માટે કરવાનો?

* સમાધાન = જો કે ઈચ્છાકાર બલાભિયોગ = હઠપૂર્વક થતી પ્રેરણાના નિવારણ માટે છે. છતા પણ મર્યાદાના પાલન કરવા બલાભિયોગના વિરહ સ્થળે પણ ઈચ્છાકાર કરવો જ.

→ અભિયોગની શંકાને દૂર કરવાની ઈચ્છાવાળો એ જ ઈચ્છાકારનો અધિકારી નથી, [illegible] સ્વતઃ જ્યાં શંકા નથી રહેતી ત્યાં પણ ઈચ્છાકાર કરે તો કાર્યની વિફલતા થાય.

→ નિર્જરાવિશેષની ઈચ્છાવાળો એ જ ઈચ્છાકારનો અધિકારી છે. અને નિર્જરાની કામના તો આ બલાભિયોગસ્થળે પણ રહેલી છે જ.

→ જ્યાં બલાભિયોગની શંકાના સ્થળે તો વિધિવાક્યાન્તર્ગત 'ઈચ્છા' પદથી જ થઈ જશે. અન્યથા નિર્જરકામી જ તેનો અધિકારી હોય તો તેવા સ્થળે રત્નાધિકને બલાભિયોગ દૂર કરવાની ઈચ્છા ન હોવાથી ક્ષુલ્લકને તે આશંકાનો પરિહાર ન થાય.

→ બલાભિયોગશંકાના પરિહારનું પ્રયોજન જે પૂર્વમાં કહેવાયું છે તે પ્રાયિક અને ગૌણ છે. પ્રવૃત્તિ તો નિર્જરાકામના દ્વારા જ થાય છે.

અથવા "એવં સામાયારી, જુંજતા ચરણ..." ગાથાથી સર્વ સામાચારી કર્મક્ષપણ માટે છે એવું કથન થઈ જ ગયું છે.

* આજ્ઞાબલાભિયોગ = આજ્ઞાની સાથે કરાતો બલાભિયોગ.
= આજ્ઞા અને બલનો અભિયોગ = વ્યાપાર
= આજ્ઞાએ જ બલાભિયોગ

આવો ઉત્સર્ગ છે કે રાત્નિક, બાળસાધુ કે સામાન્યથી કોઈ પણ સાધુને બલાભિયોગ કરવો ઉચિત નથી.

અભિયોગ
- અપવાદથી થોડોક કલ્પે
- મોટો પ્રદ્વેષનું કારણ ન હોવાથી ન કલ્પે

અશ્વદૃષ્ટાંત =
- ① જાત્ય અશ્વ × ચોકડું મુકવું × અભિયોગ વિના ગ્રહણ × દાનાદિથી સત્કાર
- ② અન્ય અશ્વ × માતાને પુચ્છા × મલીન ગ્રહણ કરવું × દાનાદિ સત્કાર
  પુનઃ માતાનું કહેવું "ચોકડું લેવું નહી" × બલાત્કાર વડે વહન × માતાનું કથન ×
  ઉભયમાર્ગ બતાવાયો યથાયોગ્ય આચરણ કરો

(વિનય - જે ક્ષતે વૈયાવૃત્યાદિ ન કરે એને બલાભિયોગથી પણ કરાવવી)

Note Book Date / /

* અયોગ્ય સાથે સંવાસ જ ન કરવો જોઈએ એ ઉત્સર્ગ માર્ગ છે.

જો કોઈ અત્યંત ગાઢ સ્વજનાદિના કારણે તે સંવાસ છોડવા સમર્થ ન થતો હોય તો –

(૧) સૌપ્રથમ ઈચ્છાકાર કરવો જોઈએ

(૨) ન કરે તો આજ્ઞા કરવી

(૩) તેમ છતા ન કરે તો ખલાભિયોગ કરવો.

→ આ સઘળીય વ્યવસ્થા ગુરુ આદિના ભયથી કરનાર અને કુલજાત્યાદિના કારણે પાછા ફરનારને આશ્રયીને સમજવી કે આજ્ઞાખલાભિયોગાદિ પાછો ન ફરે પણ ક્રોધાદિ કરે તેને આશ્રયીને આ વ્યવસ્થા ક્રમ ઉચિત નથી.

→ યોગ્ય = ગુણી સાધુથી અનુપયોગ / અજ્ઞાનના કારણે કોઈ સ્ખલના થાય તો ઠપકો આપવો જોઈએ આથી વિનીત શિષ્ય માં પણ અભિયોગ કરવો એ ખોટુ નથી.

પ્રશ્ન → તે સાધુના ઉપયોગને માટે પુનઃ ઈચ્છાકાર જ કરીને ઠપકો કેમ આપો છો?

સમાધાન → ઈચ્છાકાર સમાચાર = વૈયાવૃત્યાદિમાં માત્ર જોડવા માટે જ છે. અસમાચરણમાં પ્રવૃત્ત થયેલા સાધુને તે અસમાચરણના નિષેધ રૂપ ઠપકો આપવો ઉચિત છે.

પ્રશ્ન → માત્ર નિષેધ વાક્યથી તો ભૂલ સુધરી નહી જાય?

સમાધાન → જેમ કોઈને સ્તુતિથી તેને પ્રવૃત્તિમાં ઉત્સાહ આવે છે તેમ ઠપકો આપવા દ્વારા પણ સાધુને સમાચરણમાં જોડવા આત્યન્તિક ઉત્સાહ આવે છે.

* આવા કારણથી અપાતા ઠપકામાં કિંચિદ્ ક્રોધ દોષાવહ કે શ્રામણ્યવિરોધી થતો નથી.

"પ્રશસ્તરાગની જેમ પ્રશસ્ત દ્વેષ પણ શ્રામણ્યનો ઉપઘાત કરતો નથી".

ઉદા= વચ્છનાગ નામનું બિષ - સ્વરૂપથી દુષ્ટ - રસાયનાદિ પરિકર્મિત - જીવઘાત ન કરે - આરોગ્યાદિ વધારે

દ્વેષ - સંસારવૃદ્ધિનું કારણ - ઠપકાદિનો પ્રશસ્ત દ્વેષ - સંસારવૃદ્ધિ ન કરે - સંયમપ્રવર્તનાદિ ગુણોને કરે.

* જે આચાર્ય કે પદસ્થ બીજાને વૈયાવૃત્ય કરાવવામાં ઠપકો આપવો પડે તો દ્વેષ થવાથી ડરેલા તેઓ જાતે જ સ્વકાર્યો અને પરકાર્યો કરે છે તેઓ વડે પોતાના હાથે જ શિષ્યો અવિનીત કરાય છે. ગુરુ જ પોતાની વૈયાવચ્ચ કરવા માંડે તો શિષ્યોને ગુરુની વૈયાવચ્ચ કરવા જે વિનય પ્રયુક્ત કરવાનો છે તેનો તો ઉચ્છેદ જ થઈ જાય.

Note Book Date / /

દોષો = (૧) વિનયનો ઉચ્છેદ થાય

(૨) ગુરુના સૂત્રાર્થ ચિંતનમાં વ્યાઘાત

(૩) વાદિકે રાગ આવે છતે પ્રવચનલઘુતા

(૪) અતિથિ, વૃદ્ધ, શૈક્ષ, ગ્લાન, બાલ, તપસ્વી આદિ વિષયક અચિંતન




આમ, આચાર્ય = ચક્રનો મધ્યભાગ

શિષ્ય = ચક્રના આરા

આ મધ્યભાગ વિના જેમ આરાઓનુ અસ્તિત્વ નથી
તેમ આચાર્ય વિના ગણનું અસ્તિત્વ નથી

આમ દોષો અને દોષાભાસો સ્વયં વિચારી લેવા.

* ઇચ્છાકાર કરીને પણ જો તે કાર્ય પૂરું પાડવામાં સમર્થ ન થયો તો પણ અદીનમનવાળો = પશ્ચાત્તાપથી રહિત ચિત્તવાળો દ્રવ્ય દાનથી રહિત પણ ભાવ દાનથી સહિત હોવાથી નિશ્ચિત વિપુલ નિર્જરાના લાભવાળો થાય છે.

દ્રવ્યદાન <
- અનૈકાન્તિક - યશ દાનાદિની કામનાથી કરાયેલ નિર્જરા ન કરતુ હોવાથી
- અનાત્યન્તિક - અનાભોગાદિથી કરાયેલ દાન અનુબંધ યતું ન હોવાથી.

શક્તિનું અનિગૂહન + ભાવ = અવશ્ય ફલપ્રાપ્તિ

→ દ્રવ્યદાન એ તો પુદ્ગલસામગ્રીરૂપ હોય છે તેથી નિશ્ચયમાં તેનો સમાવેશ થતો નથી. વિસ્તાર માટે જુઓ અધ્યાત્મમતપરીક્ષા.

इति इच्छाकार सामाचारी

Note Book Date / /

(૨) मिथ्याकार सामाचारी =

વ્યાખ્યા = સંયમયોગમાં પોતાના વડે કરાયેલ વિપરીત આચરણ ને વિષે "મિથ્યા" એ પ્રમાણે કરાતો પ્રયોગ તે તારા સિદ્ધાન્તમાં મિથ્યાકાર સામાચારી કહેવાય છે.

લક્ષણ = स्वदुष्कृतार्थकपदविशेषणकवैतथ्यार्थकप्रयोगः स्वस्य मिथ्याकारः

→ સ્વયંદ્વારા આચરિત દુષ્કૃતના અર્થવાળો પદ પ્રયોગ વિશેષણ છે જે

વિપરીત આચરણના અર્થવાળા પદ પ્રયોગનું તેને પોતાનો મિથ્યાકાર કહેવાય

સ્વદુષ્કૃતાર્થકપદ = मे दुष्कृतं, मि दुक्कडं } (૧) मिथ्या मे दुष्कृतं

વિપરીત આચરણ દર્શાવતો પ્રયોગ = मिथ्या, मिच्छा } (૨) मिच्छा मि दुक्कडं

આમાં સ્વદુષ્કૃતાર્થક પદ એ વૈતથ્યાર્થક પદનું વિશેષણ થાય ત્યારે મિથ્યાકાર સામાચારી થાય.

લક્ષણમાં "સ્વ" પદ ન મુકવાથી "પરવડે કરાયેલ દુષ્કૃત મિથ્યા થાઓ" ત્યાં લક્ષણ જાય માટે અતિવ્યાપ્તિ

"દુષ્કૃત" પદ ન મુકતા "મારું સુકૃત મિથ્યા થાઓ" માં લક્ષણ જાય માટે અતિવ્યાપ્તિ

"તદર્થક" પદ ન મુકતા "અન્ય પ્રયોગો वितथं मे दुराचरितं" માં અવ્યાપ્તિ

(૧) વ્યવહાર = પૂર્વપ્રદર્શિત વ્યાખ્યા વ્યવહાર ઉપયોગી છે.

(૨) નિશ્ચય = નિર્જરા જ છે ઉપાય જે સામાચારીમાં તે.

✱ "मिच्छा मि दुक्कडं" આ પ્રયોગ જ નિશ્ચય મિથ્યાકાર છે અન્ય તદર્થક પ્રયોગો નથી.

"मिच्छा मि दुक्कडं"

← હેતુગર્ભિત વિશેષણો →

(૧) નિર્જરા હેતુ

→ મિથ્યા આચરણથી એકઠા કરેલ પાપને આ પદ પ્રયોગ જ ક્ષય કરવામાં સમર્થ છે. અન્ય નહી.

→ આવું કેમ →

(૨) તદર્થસંપ્રત્યયયુક્ત

→ તે ઉક્ત પ્રયોગના અક્ષરાર્થ, પદાર્થ, વાક્યાર્થમાં સમ્યગ્ રીતે ઉપયોગવાળો ઉચ્ચાર જ તો નિર્જરા માટે સમર્થ છે.

✱ "આ મિથ્યા છે" એમ જાણીને मिच्छामि दुक्कडं આપવું આવું શાસ્ત્રવચન છે (=જિનાજ્ઞા)

આથી, કહેવાયેલ પદાર્થાદિના જ્ઞાનપૂર્વક કરાતો મિથ્યાકાર પ્રયોગ આજ્ઞાના આરાધના રૂપ ફળને આપે છે.

Note Book Date / /

→ "આ મિચ્છા છે" માં "આ" ના પ્રયોગથી મારા દુષ્કૃત ~~છે~~ નું ગ્રહણ થાય છે. એટલે કે "મિચ્છા મિ દુક્કડં" પ્રયોગ વાક્યના અર્થના જ્ઞાનપૂર્વક કરવો જોઈએ, અને આ તો માત્ર ઉપલક્ષણ છે તેનાથી અક્ષરાર્થનો બોધ પણ સાથે લઈ લેવો અન્યથા તેનું આગળ જે વિસ્તૃત વર્ણન કરાશે તે વ્યર્થ થશે.

→ "ઉપયોગપૂર્વક કરાતો આ પ્રયોગ એ ઈષ્ટસિદ્ધિમાં કારણ છે.

→ આ જિનાજ્ઞા છે.

→ અને ઉપયોગ એ આવી રીતે જ શક્ય બને છે.

ફળ = (१) આમ જિનાજ્ઞાનું પાલન થાય છે.

(२) તીવ્ર સંવેગ = ભવવૈરાગ્યસ્વરૂપ ઉત્પન્ન થાય છે જે સ્વસંવેદનસિદ્ધ છે.

(३) અપુનઃકરણથી સહિત આ પ્રયોગ અતિવિપુલ નિર્જરામાં કારણ બને છે.

↳ योगिनां हि ज्ञानं संवेगफलमिति ।

* અક્ષરાર્થ-પદાર્થ-વાક્યાર્થમાં વ્યુત્પન્ન બુદ્ધિવાળો દક્ષ સાધુ ના પૂર્વપ્રદર્શિત પ્રયોગ કરે છતે તે તે પદાર્થના જ્ઞાનથી ઉત્પન્ન થયેલો સંવેગ નિયમા પ્રતિસમય વૃદ્ધિને પામે છે અર્થમાં એકાગ્ર હોવાથી અન્ય વિષયમાં તેનું મન ભટકતું નથી માટે

અન્યપ્રયોગોમાં ભજના
(१) તેવા પ્રકારના અક્ષરાર્થ આદિ જ્ઞાન પ્રાપ્ત થાય તો ફળપ્રાપ્તિ થાય
(२) તેવા પ્રકારના અક્ષરાર્થ આદિ જ્ઞાન પ્રાપ્ત ન થાય તો ફળ પણ ન મળે

આથી જ દક્ષને પ્રાકૃતભાષામય આ પ્રયોગમાં અત્યાદર હોય છે.

→ અદક્ષ વ્યક્તિ તો આ મિથ્યાકાર સામાચારી માટે અયોગ્ય જ છે. આથી તેની વિચારણા પણ વ્યર્થ છે કે તે કયો પ્રયોગ કરે.

* જેનાથી પરમાનંદના કારણરૂપ વિશિષ્ટ સંવેગ ઉત્પન્ન થાય છે તે પ્રયોગનો અક્ષરાર્થ -

મિ = મૃદુતા = કાયનમ્રતા, માર્દવતા = ભાવનમ્રતા

② મત્વર્થીય "અ" પ્રત્યય લાગતા કાયનમ્રતા-ભાવનમ્રતાવાળાપણું

③ કાયથી નમ્ર અને ભાવથી નમ્ર એમ કર્મધારય સમાસ કરવો

④ મૃદુ = સુકુમાર છે માર્દવ જેનો તે મૃદુમાર્દવતા

છ = દોષ = અસંયમના સ્થગન = પુનઃ આચરણ ન કરવા અર્થમાં

મિ = મેરા = હું ચારિત્ર મર્યાદામાં રહેલો છું એ બતાવવા

આમ અક્ષરોનો સંક્ષેપાર્થ થયો.

દુ = નિન્દા = દુષ્કૃતકર્મ કરનાર મારા આત્માની હું જુગુપ્સા કરું છું

ક = કૃત = મારા વડે જ પાપ કરાયું છે અન્ય વડે નહીં

ડં = ડીઙ્ = ઉપશમ કરવા વડે તે પાપનું હું ઉલ્લંઘન કરું છું

Note Book Date / /

→ "मिच्छा मि दु" આ ચાર અક્ષરોના પૂર્વપ્રદર્શિત અક્ષરાર્થ એકવાક્યપણાનો જ્ઞાન કરાવે છે
ક અનેક એ તાત્પર્યના આધારે ભિન્નભિન્ન વાક્યોનો બોધ કરાવે છે
અને મુખ્યવાક્ય "मिच्छा मि दुक्कडं" તેનો અર્થ પણ ભિન્ન થાય છે.

✱ સંકેતનો નિશ્ચય કરનારનો જે અભિપ્રાય પદૈકદેશથી અભિપ્રેત = ઈચ્છિત છે. તે અર્થ નિકાળવામાં કોઈ દોષ નથી. જેમ આ પદથી આ અર્થ સમજવા રૂપ અભિપ્રાય નક્કી થાય છે તેમ આ અક્ષરથી આ અર્થ સમજવો એમ કહેવાને પણ ઇંદ્રાદિ વડે રોકી શકાશે નહી.

→ આવો અર્થ માત્ર ઈષ્ટ જ નથી પરંતુ કોઈપણ મતની બાધા વિના દષ્ટ = અનુભૂત પણ છે.

मननात् = મનન કરવાથી, જ્ઞાન કરવાથી
त्राणात् = રક્ષણ કરવાથી, પાલન કરવાથી } તે મન્ત્ર કહેવાય

જેમ મન્ત્ર પદ એ મન્ત્રનું વાચક છે અને આ બંને અર્થોનું વાચક છે તેમ પ્રકૃત પ્રયોગમાં પણ પ્રત્યેક અક્ષરોના અર્થ અને સમુદાયનો અર્થ અસંભવ નથી.

પ્રશ્ન = પંકજ આદિ શબ્દોની જેમ મન્ત્રાદિ શબ્દોનું યોગ અને રૂઢિ બંનેથી પ્રત્યેક અને સમુદાય અર્થનો બોધ થાય છે પણ मिच्छा... ઈત્યાદિમાં તે નહીં થાય?

સમાધાન = यस्याहं मांसमद्मि प्रेत्य <u>मां</u> <u>स</u> भक्षयिता ।

મનુસ્મૃતિના આ પ્રયોગમાં માંસ શબ્દથી मां स भक्षयिता આવા અર્થની ઉત્પત્તિ કેવી રીતે થાય. આમ યોગથી યુક્ત રૂઢિ છે એવુ પણ ન કહેવાય કેમકે યોગાર્થથી અવચ્છિન્ન એવા રૂઢ્યર્થનો અભાવ હોવાથી.

પ્રશ્ન = સ્માર્ત (સ્મૃતિની વ્યાખ્યા) ના આધારે આવો બોધ સમજ્યો.

સમાધાન = તો આર્ષવ્યાખ્યાના વશથી અમારો આ બોધ પણ વિરોધિ નથી.

→ પ્રશ્ન = પદનું જ્ઞાન એ શાબ્દબોધ થવા માટે હેતુ છે. मि વગરે પદો ન હોવાથી અપદ એવા मि વિગેરે શબ્દોથી અર્થબોધ કેવી રીતે થયો?

સમાધાન = "વર્ણોનો સમુદાય એ પદ કહેવાય" આવો કોઈ નિયમ તો છે નહી કારણ કે એક વર્ણવાળા પદો પણ દેખાય છે.

પ્રશ્ન = તો પછી પદનું લક્ષણ શું થશે?

સમાધાન = "જે શક્તિવાળું હોય તેને પદ કહેવાય" આમા સ્વીકારતા કોઈ દોષ નથી પછી તેનો અભિપ્રાયવિશેષરૂપ માનો અથવા અન્ય કોઈ રીતે માનો તો શક્તિ દરેક વર્ણમાં રહેલી જ હોવાથી.

Note Book Date / /

પ્રશ્ન = ધાતુ-વિભક્તિ-વાક્યથી ભિન્ન અર્થવાળા પદને નામ કહેવાય આમ મિ વિગેરે પદો પણ ધાત્વાદિથી ભિન્ન અને અર્થવાળા હોવાથી સ્યાદિ પ્રત્યયોની ઉત્પત્તિનો પ્રસંગ આવશે.

સમાધાન = નામની વ્યાખ્યામાં જે અર્થવાળુ તે પદ એમ કહ્યું તે અર્થવાળું = યોગાર્થવાળું હોય તે પદ એમ સમજવાનું છે. જેમ ઘટાદિ શબ્દો ધાત્વાદિથી ભિન્ન અને વ્યુત્પત્તિથી સિદ્ધ છે પણ મિ વગેરે પદો તેવા નથી

* "હું પુનઃ પાપ આચરણ કરીશ નહીં" આ પ્રમાણે પ્રતિજ્ઞા કરીને આભોગથી = ઉપયોગપૂર્વક પુનઃ પાપનું આચરણ કરે તો, તે "મિથ્યાદુષ્કૃત" નિશ્ચયે કરીને મૃષાવાદ રૂપ થાય છે. પ્રતિજ્ઞાનું ઉલ્લંઘન કર્યું હોવાથી ← પ્રતિજ્ઞા = હું પુનઃ પાપ નહીં કરું.

પુનઃ પાપાચરણમાં થતા દોષો

(૧) → ભાળસાધુ અને કુંભકારના દૃષ્ટાંતથી જો પુનઃ પુનઃ આચરણ કરી મિથ્યા દુષ્કૃત આપતો રહે તો તે મિથ્યાદુષ્કૃત સ્પષ્ટ માયા = કપટ અને નિકૃતિ = પરવંચન જ છે.

(૨) → તે દુષ્ટાત્મા વચન અને કાયાથી નિવૃત્તિ પામ્યો પણ ચિત્તથી નિવૃત્ત ન થયો હોવાથી માત્ર ગુરુઆદિને ખુશ કરવા માટે મિથ્યાદુષ્કૃત આપે છે.

(૩) → ઉપયોગપૂર્વક કરાયેલ પાપાચરણમાં ઉત્કટનિર્દયતાને કારણે ~~...~~ ઉત્કટ સંવેગ ઉત્પન્ન થવો શક્ય નથી, અને સંવેગ વિના મિથ્યાદુષ્કૃતનું દાન ફળને આપનાર બનતુ નથી. આથી ત્યા માયા જ આળીને ઉભી રહે છે.

(૪) → પુનઃ દુષ્કૃતાચરણ ન કરવા રૂપ રુચિના વિપર્યાસથી મિથ્યાત્વની પ્રાપ્તિ રૂપ દોષ થાય

* જે પ્રાણી સંયમાચારને જે પ્રમાણે તેણે પ્રતિજ્ઞા લીધી છે તે પ્રમાણે ન પાળે તો વિપર્યસ્ત રુચિ અને એટલે જ મિથ્યાજ્ઞાની છે. અને યથાવાદિ આચરણના અભાવને કારણે જ્ઞાન-દર્શન હોવા છતા તેનો ફળ ન મળતુ હોવાથી અસત્ સરખા જ છે.

→ માત્ર તે જ મિથ્યાદષ્ટિ નથી અન્યોના મિથ્યાત્વની વૃદ્ધિ કરનારો પણ તે થાય છે. શું આ સાધુ અનુચિત કરે છે કે આવો જ આપ્તનો ઉપદેશ છે? આમ પરને શંકા કરાવે છે આથી

નિશ્ચયનય = સાધુવડે કરાયેલ માયાના પ્રભાવથી આ શંકા 'આ સાધુ અનાચારી છે' એવા નિર્ણયને કરતી નથી પરંતુ તે આચાર આપ્તોપદિષ્ટ જ છે એવો નિશ્ચય કરાવીને અટકે છે આથી પરને ઉત્કટ મિથ્યાત્વ થાય જ.

→ વ્યવહારનય = સાધુ કદાગ્રહના કારણે પ્રતિજ્ઞા પ્રમાણે આચરણ ન કરે તો તેની જિનવચન ઉપર શ્રદ્ધા ન હોવાથી સમ્યક્ત્વનો ક્ષય થવાથી મિથ્યાત્વ જ થાય

→ કદાગ્રહનો અભાવે અનાભોગાદિ કારણે પાપાચરણ કરે તો જ્ઞાન = સમ્યગ્જ્ઞાનના કાર્યરૂપ પશ્ચાત્તાપાદિ દેખાતા હોવાથી સમ્યગ્દર્શનનો અભાવ નથી

ઉત્સર્ગ = એકાન્તે અકલંકિત અને હિતાવહ     અપવાદ = વિધિશુદ્ધ, ને જણાવે છે —

✳ પૂર્વે કહેવાયેલા દોષોના ભયને કારણે જે સાધુ પાપનું આચરણ કરતો જ નથી તે તારાવડે ઉત્સર્ગ પ્રતિક્રમણ કહેવાયું છે.

"જે પાપનું આચરણ કરી પુનઃ પ્રતિક્રમણ કરવાનું હોય તો પાપાચરણ ન કરવું તે જ ઉત્સર્ગ પદે પ્રતિક્રમણ છે"

→ પ્રતિક્રમણ શબ્દનો અર્થ મિથ્યાદુષ્કૃત જ છે એમ ચૂર્ણિકારે કહ્યું છે.

પ્રશ્ન = પ્રતિક્રમણ કર્યા વિના તેના નિમિત્તથી ઉત્પન્ન થતા ગુણો ઉત્પન્ન ન થાય આથી અકરણ અપેક્ષાએ પાપાચરણ કરી પ્રતિક્રમણ કરવાથી તે ગુણો થાય છે માટે તે સારું છે

સમાધાન = (૧) જો તે ગુણો માત્ર પૂર્વમાં કરાયેલ ગુણોના ક્ષય કરવા સ્વરૂપ છે, તો પૂર્વનો જ ન્યાય અહિં પણ લાગે છે કે પગના પ્રક્ષાલન કરતા કાદવનું સ્પર્શન ન કરવું શ્રેષ્ઠ છે.

(૨) અને જો અન્ય ફળ પૂર્વકૃત કર્મનિર્જરા, સંવેગાદિ માટે કરો છો તો શાસ્ત્રમાં પાપનું આચરણ ન કરવું એ પ્રમાણે વિધાન હોવાથી તેનાથી પણ ગુણપ્રાપ્તિ સંભવ જ છે.

→ જે ભણી જોઈને એકવાર પણ પાપાચરણ કરે અથવા વારંવાર પાપાચરણ કરે તો પ્રતિક્રમણ સાચુ ગણાય જ નહી.

આમ અપવાદમાં આ નક્કી થયું કે —

સંયમયોગોમાં યથાશક્તિ ઉદ્યમ કરતો સાધુ અનાભોગાદિ કારણે પાપનું પુનઃ આચરણ કરે અથવા અન્ય પાપનું આચરણ કરે તેનું પુનઃ કરાયેલુ પ્રતિક્રમણ યોગ્ય છે.

(૧) અનાભોગથી જાણી જોઈને પાપાચરણ શક્ય નથી બંને વચ્ચે વિરોધ દેખાતો હોવાથી

(૨) અનાભોગથી પુનઃ પુનઃ પાપાચરણ પણ શક્ય નથી અભિનિવેશના કારણે જ પાપ પુનઃ પુનઃ શક્ય છે. અનાભોગ તો ક્યારેક જ થાય આથી અનાભોગ એ અસકૃત્ આચરણમાં અકિંચિત્કર છે.

इति मिच्छाकार सामाचारी सम्मत्ता।

Note Book  Date / /

## (૩) તથાકાર સામાચારી =

લક્ષણ (ઉદ્દેશ્ય) — (વિધેય) લક્ષ્ય

→ ગુરુવડે ઉપદિષ્ટ અર્થમાં રુચિ = શ્રદ્ધાપૂર્વક એવં "તથ્ય" કથન કરનારું જે વચન તેને — તથાકાર સામાચારી

→ ① "તથા," "સત્યમ્" ઈત્યાદિ તદર્થક અન્ય પ્રયોગોમાં અવ્યાપ્તિ ન થાય
② પોતાના વડે અથવા અગુરુવડે કહેવાયેલ અર્થમાં "તથા" પ્રયોગમાં અતિવ્યાપ્તિ ન થાય તે કારણ માટે ગુરુ મુક્યું છે.
③ અરુચિપૂર્વક તથાકારમાં અતિવ્યાપ્તિ ન થાય માટે "રુચિ" પ્રયોગ કર્યો છે.

→ પ્રસિદ્ધ વસ્તુનું કથન કરી અપ્રસિદ્ધ વસ્તુનું કથન "લક્ષ્ય-લક્ષણ અને ઉદ્દેશ્ય-વિધેય ભાવ ઈચ્છાનુસાર કરાય છે" એ નિયમથી થયું સમજવું
(આગળ-પાછળ)

① જ્ઞાનસંપદ
✳ કલ્પ = વિધિ/આચાર, જિનકલ્પ/સ્થવિરકલ્પ, ગ્રાહ્ય
અકલ્પ = અવિધિ, ચરક/પરિવ્રાજક, અગ્રાહ્ય
> સ્થિત = તેના રહસ્યને જાણનાર

② ચારિત્રસંપદ
સર્વગુણવાન = મૂલ અને ઉત્તરગુણવાન સાધુ

"તુ" શબ્દનો અર્થ

**ચૂર્ણિકાર**
તુ = આવા આચાર્ય પણ અનુપયોગમાં વિતથ બોલે આથી તુ શબ્દથી જે ગુરુ વડે સ્વયં ઉપયોગપૂર્વક અવધારણ કરાયું હોય તેના વચનમાં જ

**પંચાશક વૃત્તિ**
તુ = एवकार = જકાર
ત્યાં ચૂર્ણિકારનો અર્થ ઉપલક્ષણથી સમજી લેવો.

→ જ્ઞાન-ચારિત્રસંપદયુક્ત, ઉપયોગવાળા ગુરુની વાચના = સૂત્રદાનમાં, સામાચારીથી જોડાયેલ સામાન્ય ઉપદેશમાં, અર્થવ્યાખ્યામાં, શિષ્યવડે પ્રતિપૃચ્છા કરાયે છતે ગુરુવચનમાં "તથાકાર" આવશ્યક છે.

"वायणा पडिसुणणाए (१), उवएसे (२) सुत्तत्थकहणाए (३),
अवितहमेयं ति तहा पडिसुणणाए (४) ॥ १॥

ઓગાથાનાં અર્થ વિષયક મતાંતરો:

(૧) ચૂર્ણિ = ગુરુ વડે કોઈ કાર્ય કરવાની આજ્ઞા અપાઈ હોય તેમાં શિષ્યનું તથાવચન

Note Book Date / /

(૨) ચૂર્ણિમાં અન્ય મત - પ્રથમ મત ઈચ્છાકાર સામાચારીનો વિષય છે એમ માની "તથા" શબ્દને ઈચ્છની પછી જોડીને, પ્રતિશ્રવણ પદ પૂર્વના ગણ પદો સાથે જોડીને અર્થ કરી છે, એટલે વાચના પ્રતિશ્રવણ, ઉપદેશ પ્રતિશ્રવણ, સૂત્રાર્થ પ્રતિશ્રવણમાં તહત્તિ એ પ્રમાણે શિષ્યનું કથન.

(૩) બીજા મતથી અન્ય લોકો પ્રથમ મતને જ માન્ય કરે છે

(૪) પંચાકમાં તો પડિસુણણા ના સ્થાને અવિગપ્પેણ = વિકલ્પ વિના આવો પાઠ હોવાથી કોઈ પણ બાધા રહેલી નથી.

* ઉપરોક્ત જ્ઞાનસંપદાદિ ગુણોથી રહિત અન્ય સાધુઓમાં વિકલ્પથી તથાકાર કરવો

→ કોઈ પણ પદાર્થમાં એક સ્થાને કરાયેલુ વિધિનુ કથન તેનાથી વિરૂદ્ધ વાક્યમાં તેના નિષેધના કથન રૂપે પરિણમે છે અને પદાર્થમાં કહેવાયેલું નિષેધનું કથન એ વિધિ કથનમાં પરિણમે છે.

→ પૂર્વની ગાથામાં કહ્યું કે -

જ્ઞાનસંપદાદિ ગુણયુક્તમાં અવિકલ્પે તથાકાર કરવો

↓

જ્ઞાનસંપદાદિ ગુણરહિતમાં અવિકલ્પે (વિશેષણ) તથાકાર (વિશેષ્ય) ન કરવો

તેથી સ્વવિષય પ્રાપ્ત સ્થાને = ગુણરહિત સાધુ પણ યુક્તિયુક્ત કથન કરે ત્યારે, વિશેષણ ભાવ = અવિકલ્પ રૂપ વિશેષણનો જ નગ્ સાથે અન્વય કરો અવિકલ્પે ન કરવો = વિકલ્પે કરવો એવો અર્થ અંતમાં લાવીને વિકલ્પ સમજવો.

શ્રી જીનવિજયજીના વિવાદુક્તામણ્ણં ન મહાણીયમ } અણ્ણં
મુમુક્ષુણા " " " - " } મહાણીયમ

→ અન્યત્ર સર્વ સ્થાનોમાં તથાકાર ન આવી જાય તે માટે તે વિભાષા = વિકલ્પ પણ વ્યવસ્થિત વિભાષા છે.

→ (૧) શુદ્ધ સાધુ ધર્મનું કથન કરનાર આદિ સંવિગ્ન પાક્ષિકના ગુણોથી યુક્ત સાધુમાં અથવા

(૨) ભણી ભેઈનો (હતા) ઉત્સૂત્ર ભાષણ થી વિરોધિ પરિણામવાળા સાધુને વિષે.

(૩) ગીતાર્થ સાધુને વિષે નિયમા તથાકાર કરવો

→ કેટલાક આ વિધિ = સંવિગ્ન પાક્ષિક (માં તથાકારની) વિધિ ને અપવાદ માને છે.

→ કેટલાક તેને ઉત્સર્ગ જ માને છે.

Note Book Date / /

→ (१) असंविग्न - गीतार्थ ના, गीतार्थ - असंविग्न ના, अगीतार्थ - असंविग्न ના वचन युक्तिसिद्ध होय तो तथाकार करवो.

✳ ज्ञानथी = कल्प्याकल्प्यनुं विधान करनार आगमवडे जाण.
संवेगथी = भवभीरुता परिणाममथी युक्त होय
आवो साधु यथावस्थित ज कथन करे.

☆ ज्ञानना ग्रहणथी अज्ञाननिमित्तक मृषावाद अने सामर्थ्यथी अनुपयोग निमित्तक मृषावाद निरस्त थया

☆ संवेगना ग्रहणथी अभिनिवेषना कारणे थतो मृषावाद दूर थयो.
आम असद्भाषणना सघळाय कारणो दूर थयेला समजवा

→ आवा साधुमां तथाकारनो अभाव मात्र अभिनिवेष = कदाग्रहना कारणे ज संभवे छे.

→ अेटलुं विशेष के - प्रमादथी थयेल असत्यवचनमां तेना कारण स्वरूप होय तेटली मात्रामां ज राग द्वेषनुं ग्रहण करवुं कारण के छद्मस्थ साधुमां संज्वलन कषायो तो होवाना ज, आथी ते मिथ्यात्वनुं कारण नथी पण अभिनिवेषथी थयेल असद्वचन तो मिथ्यात्वनु कारण बने ज

गीतार्थसंविग्नमां अतथाकारथी थता दोषो -
(१) अभिनिवेष
(२) विधिथी प्राप्त थता फळनो अभाव
(३) मिथ्यात्व

प्रमादथी न करे तो मिथ्यात्व न थाय → अभिनिवेषथी "तथा" न करे तो इष्टापत्ति = थाय ज.

✳ संविग्नना = युक्तिक्षम - अक्षम सर्वमां = तथाकार
अगीतार्थ संविग्नना = युक्तिक्षममां ज = तथाकार
↳ संविग्न जिनभाषित ज कथन करे
जिनभषित सर्व अर्थो युक्तिसंगत ज छे

तो आवो भेद केम ?

→ जिनभाषित अर्थो बे प्रकारना छे
(१) युक्तिग्राह्य
(२) आज्ञाग्राह्य = गीतार्थना अयुक्ति क्षम आज्ञाग्राह्य अर्थमां पण तथाकार करवो.

Note Book    Date / /

<u>ઉત્સર્ગ</u> → યુક્તિગ્રાહ્ય પદાર્થ યુક્તિથી અને આજ્ઞાગ્રાહ્ય પદાર્થ આજ્ઞાથી જ કથન કરવો અન્યથા રીતે કથનમાં આશાતના દોષ લાગે.

<u>અપવાદ</u> → યુક્તિક્ષમ પદાર્થ પણ સામર્થ્યના કે સમયના અભાવે યુક્તિ વિના પણ કથન કરવા પરંતુ સ્વમતિ કલ્પનાથી કથન ન કરવા.

→ તેથી ભાવ એમ થયો કે -

૧) ગીતાર્થ સંવિગ્નમાં આપ્તના કથન રૂપ લિંગ વડે અને

૨) અગીતાર્થ સંવિગ્નમાં અન્યશોભન યુક્તિ સ્વરૂપ લિંગ વડે

શાસ્ત્રપ્રામાણ્યનો નિશ્ચય કરી તથાકાર કરવો.

* તથાકાર કરણથી થતા ફળો =

(૧) ગુરુકથિત અર્થોમાં તીવ્ર શ્રદ્ધા થાય

→ શ્રદ્ધાપૂર્વક કરાયેલ ક્રિયા શ્રદ્ધાની વૃદ્ધિમાં કારણ બને છે.

(૨) તીવ્ર શ્રદ્ધાથી અસદ્ગ્રહ જ છે એકપ્રાણ જેનો એવા મિથ્યાત્વનો ક્ષય

→ પ્રતિપક્ષના ઉત્કર્ષમાં તેનાથી અપરનો વિનાશ થાય તેમ.

(૩) અન્ય મુગ્ધ શ્રોતા પણ પ્રવૃત્તિને કરનારા થાય

→ ઉપદેશ આપનાર વક્તામાં આપ્તનો નિશ્ચય થવાથી તેમના વચનમાં પણ પ્રામાણ્યનો નિશ્ચય થાય અને શ્રદ્ધાપૂર્વક બાધાવગર તથાકાર પ્રવૃત્તિ થાય

(૪) વિનય = ગુરુભક્તિને જણાવનાર ક્રિયાવિશેષ થાય

(૫) તીર્થંકરની આજ્ઞાનું આરાધન થાય.

(૬) ઉપલક્ષણથી સુકૃતની અનુમોદનાદિ પણ યથાયોગ્ય સમજી લેવા

Note Book    Date / /

## (૪) આવશ્યકી સામાચારી :—

લક્ષણ : ગુરૂપદેશપૂર્વક = ધર્માચાર્યની અનુજ્ઞા લઈને શાસ્ત્રોક્ત સદ્ગુરુ વડે કહેવાયેલ કાર્યને કરવા માટે ઉપયોગપૂર્વક = ઈર્યાસમિતિ આદિની સમ્યક્‌શુદ્ધિ પૂર્વક ગમનવિષયક ક્રિયાને અભિમુખ સાધુનો "આવસ્સહિ" શબ્દ પ્રયોગ તે...

* ગુરૂપદેશ = શબ્દના ગ્રહણથી અનુપદેશથી જતા સાધુમાં લક્ષણ ન ગયું
  વિહિતકાર્ય = શબ્દના ગ્રહણથી કાર્ય વિના " " " " "
  ઉપયોગપૂર્વક = " " અનુપયોપૂર્વક " " " " "
  ગમન ક્રિયાભિમુખ = " " નહી જતા " " " " "

આમ આવા લક્ષણથી આટલા સ્થાનોમાં લક્ષણ અતિવ્યાપ્ત ન થયું

→ વિહિતકાર્ય = જ્ઞાન-દર્શન-ચારિત્રને વૃદ્ધિ પમાડનાર કાર્યો.

* અનાવશ્યક કાર્ય કરવામાં આવશ્યકી સામાચારીનું પાલન ન થાય –
"આ કાર્ય હું અવશ્ય કરીશ" એવી પ્રતિજ્ઞા કરીને જો તે પ્રતિજ્ઞાનું પાલન ન કરે તો પ્રતિજ્ઞાનો ભંગ થાય. આમ પ્રતિજ્ઞાનાભંગસ્વરૂપ અનાવશ્યક કાર્ય કરે તો પ્રકટ મૃષાવાદ થાય.

શિષ્ય = પ્રતિજ્ઞાના ભંગથી ઘણા અહિતો થાય માટે આવશ્યકીપદ પ્રયોગ વિના જ દરેક કાર્ય કરવા જોઈએ આનાથી —
૧) જો કાર્ય કરશું તો તજ્જનિત નિર્જરા થશે.
૨) જો કાર્ય નહી કરીએ તો મૃષાવાદનો દોષ પણ ન લાગે.

સદ્ગુરુ :- વસ્ત્ર પહેરશું તો જુ કરડશે આવા ડરથી વસ્ત્ર જ ન પહેરવા જેવી વાત તમે કરો છો.

→ આવશ્યકી વિના થતી ક્રિયા ફલ અવ્યભિચારી = શુદ્ધ નથી.

અંગ = પ્રતિજ્ઞા = ચક્ર
પ્રધાન = ક્રિયા = ગાડું

અંગથી વિકલ પ્રધાન હોય તો પણ ફલનિષ્પત્તિ ન થાય.

Note Book Date / /

★ → પ્રતિજ્ઞાનું પાલન ન કરવાથી થતા અહિતોથી ડરીને પ્રતિજ્ઞા છોડવાની ન હોય પણ પ્રતિજ્ઞાપાલનમાં પ્રયત્ન કરવો જોઈએ.

* અનુપયોગપૂર્વક જતા ઈર્યાસમિતિનો ભંગ,
ગુરુના ઉપદેશ વિના જતા ઈચ્છાકારનો ભંગ,
અનાવશ્યક કાર્ય કરવા જતા મૃષાવાદ થાય
આ બધું કરવા છતા આવશ્યકી પદપ્રયોગ કરે તો આવશ્યક સામાચારી જ કહેવાય એમાં આવશ્યકસામાચારીનો ભંગ કેવી રીતે થાય?

→ સામાચારી = વિચિત્રકર્મક્ષયને ઉત્પન્નકરનાર પરિણામવિશેષ અથવા તે પરિણામને જણાવતી ક્રિયા.

હવે જો આટલા બધા દોષોનું સેવન થાય તો માત્ર શબ્દપ્રયોગના સામાચારીજન્ય નિર્જરા કેવી રીતે થાય? તેથી સંપૂર્ણ લક્ષણ જ શોભન છે.

પ્રશ્ન = જેમ ઘડામાં કુંભારાદિ સહકારી કારણ છે, અને માટી એ ઉપાદાન કારણ છે. તેમ આવશ્યકી શબ્દ પ્રયોગ જન્ય કર્મક્ષયને ઉત્પન્ન કરવામાં ઈચ્છાકારાદિ સહકારી કારણ માનો? તો સહકારીને લક્ષણમાં સ્થાન ન આપો.

સમાધાન = આ બધાને સહકારીકારણ માનવાની કલ્પનાની અપેક્ષાએ તદ્વિશિષ્ટ જ આવશ્યકીની કલ્પના ઉચિત છે. આમ જ અનેક સહકારીકારણ ન માની એક જ કાર્યકારણ માનવાનો રહેશે.

→ ગુર્વાજ્ઞાદિ રહિત આવશ્યકી પ્રયોગ –

(૧) દ્રવ્યાવશ્યકી નથી
→ નિરર્થક અનર્થકારી વાચામાત્ર હોવાથી
→ ભાવાવશ્યકમાં પરિણમન યોગ્ય ન હોવાથી
→ દોષબહુલને ભાવાવશ્યકી સંભવ નથી

(૨) દ્રવ્યાવશ્યક છે
→ અપ્રધાનતા અર્થવાળા દ્રવ્ય પદને આશ્રયીને

ભાવાવશ્યક ગુણથી પ્રગટ થાય છે.

Note Book Date / /

* આવશ્યકી = અવશ્યકરવાયોગ્ય વિષયવાળી
નૈષેધિકી = પાપકર્મના નિષેધકરવા રૂપી ક્રિયાના વિષયવાળી.
આમ બંને એકાર્થવિષયક હોવાથી આવશ્યકી સ્થાને નૈષેધિકીપદ પ્રયોગ કેમ ન થાય?

→ ગમનપ્રયોજન છે જે ક્રિયામ તે ઉપાશ્રયથી બહાર નિકળવું આદિ તેમા આવશ્યકી પદપ્રયોગ થાય અને શય્યાગમનાદિ ક્રિયા નૈષેધિક પદપ્રયોગ થાય આવો વિભાગ હોવાથી ત્યાં તે જ પ્રયોગ કરવો.

(१) નૈષેધિકી = પૂર્વકૃત દોષોના પરિહાર માટે છે
(२) આવશ્યકી = અવશ્ય કરવા યોગ્ય કાર્યોને કરવા માટે છે
→ ~> જે ગમન પૂર્વે સંવૃતગાત્રવાળો હોવાથી દોષ સંભવ જ નથી તો બહાર નીકળતા ~~આવ~~ આવસ્સહીને સ્થાને નિસ્સિહિ કેમ કહે
~> ઉપાશ્રયપ્રવેશ વખતે કાર્યનો નિષેધ નથી હોવા છતા ત્યારબાદ જ કાર્યના નિષેધને આશ્રયી નિસીહિ બોલાય છે. અન્ય શબ્દ = આવસ્સહીથી તે કાર્ય થવુ શક્ય ન હોવાથી.
~> આવસ્સિહિ ગમન ક્રિયામાટે છે જ્યારે નિસીહિ સ્થિર રહેવા માટે છે

પૂર્વપક્ષ = જે આવશ્યકીયુક્ત છે તે નૈષેધિકી યુક્ત છે પણ
જે નૈષેધિકી યુક્ત છે તે આવશ્યકી યુક્ત હોય પણ, ન પણ હોય
આવશ્યકી = સમિતિ , નૈષેધિકી = ગુપ્તિ
જે સમિતિમાન્ હોય તે ગુપ્ત હોય જ પણ
જે ગુપ્તિમાન્ હોય તે સમિતિમા હોય, ન પણ હોય
આમ આવશ્યકી - નૈષેધિકી એ વૃક્ષ-શિંશપની જેમ ભિન્ન (વિષય) ાર્થક છે -
ઉત્તરપક્ષ = શય્યામાં પ્રવેશ કરતો = નૈષેધિકીને અભિમુખ નૈષેધિકીનો પ્રયોગ કરે છે. ત્યારે પણ ગુરુથી અનુજ્ઞાત હોવાથી આવશ્યક ક્રિયામાં જ પરિણત છે, માટે આવશ્યકી માન્ છે જ, આમ બંને એકાર્થક જ છે. અને આવો જ અન્ય પક્ષ પણ ~~છે~~ જ છે.
અને આજ ભાષ્યકાર અને નિર્યુક્તિકારનું પણ મન્તવ્ય છે.

Note Book

Date / /

* આવશ્યકી = અપવાદ, નૈષેધિકી = ઉત્સર્ગ આમ બંનેમાં ભેદ પણ છે.

ઉત્સર્ગ → અગમન = ઉપાશ્રય બહાર ન જવામાં આટલા ગુણો છે

(૧) ઈર્યાવિશુદ્ધિ = તેના નિમિત્તથી થતા કર્મબન્ધનો અભાવ

(૨) સ્વાધ્યાય = વાચનાદિ, ધર્મધ્યાનાદિ પરિણામની વિશુદ્ધિ કરનારા ગુણો

(૩) આત્મ- સંયમ વિરાધનાનો અભાવ

અપવાદ = (ઉત્સર્ગસાપેક્ષ) = કારણ હોતે છતે બહાર પણ જવું પડે -

(૧) કાયિકી = માત્રુ

(૨) ઉચ્ચાર = સ્થંડિલ

(૩) ભક્તપાન આનયન

(૪) ગુર્વાજ્ઞા

આ કારણોમાં પણ જો ન જાય તો ગુણાભાવ, આજ્ઞાવિપ્લવ આદિ દોષો સંભવે છે.

Note Book                                                                 Date  /  /

* નૈષેધિકી સામાચારી =
ગુરુના ઉપદેશપૂર્વક, ઉપયોગપૂર્વક, તમામ પાપોનો પ્રતિષેધકરી અવગ્રહપ્રવેશ = શય્યાદિ અભિમુખઆગમન તે નૈષેધિકી સામાચારી છે.

→ આમા ગુરુવડે અનનુજ્ઞાત, અનુપયુક્ત, પાપોનાં અપ્રતિષેધમાં, અવગ્રહ પ્રવેશ વિના તેના પ્રયોગમા અને અવગ્રહ પ્રવેશે તેના અપ્રયોગમાં અતિવ્યાપ્તિ થતી નથી.

નૈષેધિકીનુ સ્વરુપ વિશેષણ =
(૧) અન્વર્થયોગ = શબ્દાર્થથી પણ ઘટતો
(૨) ઉચિત = યથાસ્થાન પ્રાપ્ત

* (૧) દૃઢયત્ન = પૂર્વકૃત ઉત્કૃષ્ટ આશાતનાદિના પરિહાર માટે પ્રયત્ન
(૨) ઉપયોગ = અનાભોગથી ઉત્પન્ન થતા અયત્નને દૂર કરવાનો ઉપાય
→ દૃઢયત્ન અને ઉપયોગવડે ગુરુકે અરિહંતની અવગ્રહભૂમિમાં પ્રવેશ કરતે છતે ઇષ્ટ = કર્મક્ષય થાય છે.
→ ગુરુનો અવગ્રહ = ગુરુની અવગાહના પ્રમાણ ચારે દિશામાં
અરિહંતનો અવગ્રહ = જઘન્ય = નવ હાથ
ઉત્કૃષ્ટ = સાઠ હાથ
મધ્યમ = જઘન્ય - ~~મધ્યમ~~ ઉત્કૃષ્ટ વચ્ચેનો
→ પૂર્વોક્તરીતે જો પ્રવેશ ન થાય તો અનિષ્ટ = કર્મબંધ થાય છે.
→ અને તેથી જ અવગ્રહપ્રવેશમાં નિષેધ પ્રધાન = અવ્યભિચારી રીતે ફળ આપનાર હોવાથી ઇચ્છાનો વિષય છે.
→ આ નૈષેધિકી અવશ્યકરવાયોગ્ય હોવા છતા પણ પાપના નિષેધ રૂપે જ તે ઇચ્છાય છે અને આવશ્યકીથી પણ વધારે ઉપયોગવાળાને જ ફળ આપે છે.

નિષ્કર્ષ = (૧) દેવગુરુના અવગ્રહમા પ્રવેશસમયે નૈષેધિક પ્રયોગ વિઘ્નકર્મક્ષયમાં હેતુ છે.
(૨) પૂર્વપ્રયત્ન કરતા અધિક પ્રયત્ન તેમા સહકારી છે.
(૩) પ્રયત્નની અધિકતા માટે ઉપયોગાતિશય જરૂરી છે.

Note Book Date / /

→ અનાભોગ = અનુપયોગમાં પણ આશાતના થાય તો દોષો -
(૧) આજ્ઞાભંગ થવાથી પાપકર્મનો બંધ
(૨) વિધિ = જિનાજ્ઞાની અનારાધના

* અવગ્રહ પ્રયત્નપૂર્વક જ ભોગવી શકાય —
જે કારણથી પ્રયત્નપૂર્વક જ અવગ્રહભૂમિપ્રવેશ કર્મક્ષયમાં કારણ છે તેથી ચૈત્યાદિમાં પ્રવેશવાની ઈચ્છાવાળા શ્રાવકો ચૈત્યશિખર, કલશ, ધ્વજ તથા સમવસરણ, મહેન્દ્ર ધ્વજ, ચામર, તોરણનું દર્શન થતા ગજ, અશ્વ, પાલખી આદિથી અપસરણ સંભળાય છે.
શ્રાદ્ધ = શ્રદ્ધાશાલી શ્રાવકો.
→ આમ આવી વિધિથી વિપરીત આચરણ કરનાર અશ્રદ્ધાથી કલંકિત અને પ્રમાદવાન્ સમજવા
→ જો તપેલા લોખંડના ગોળા સરખા શ્રાવકો પણ આશાતના - વિધિભંગ થી કરીને આટલો પ્રયત્ન કરે છે. તો સાધુઓનો = દઢપ્રયત્ન કરવામાં શું કહેવું ? આશાતનાદિના ભયના અભાવે જ પ્રયત્નમાં વિકલતા સંભવે.

* જિનગૃહપ્રવેશ - જિનવંદન આદિમાં દઢપ્રયત્ન યોગ્ય છે પરંતુ જ્યાં તેનો પ્રયોગ કરી માત્ર ધ્યાનમાં જ બેસવાનું છે ત્યાં યત્નોત્કર્ષ શા માટે ?
→ ધ્યાન = એકાગ્રતા સ્વરૂપ, સ્થાન = અવશ્યકર્તવ્ય માટે બહિર્ગમનનો અભાવમાં નૈષેધિકીનો પ્રયત્ન પ્રકૃષ્ટ કરવો જોઈએ. મનોયોગના અતિશયિ યત્ન વિના ધ્યાન સંભવ નથી.
→ જેણે પાપવ્યાપારનો નિષેધ કર્યો નથી તેને માટે નૈષેધિક વાચા માત્ર જ છે.
→ સંયમયોગમાં દઢપ્રયત્ન વિના ક્ષણ પણ રહેવું સાધુને અનુજ્ઞાત નથી તેથી તેમ રહેતા નૈષેધિકી શુદ્ધ જ થાય
→ દઢ પ્રયત્નપૂર્વક રહેતા ઇષ્ટ = કર્મક્ષય થાય છે સહકારી સંપન્ન નૈષેધિકીથી તો ફળની ઉત્પત્તિ અવિલંબે થઈ જાય છે.
→ સ્વાધ્યાયાદિમાં અશક્તને દઢયત્ન માટે "આયાવયંતિ ગિમ્હેસુ" આદિ કહ્યું જ છે.

Note Book — Date / /

* આતો ભાવનૈષેધિકીનું ફળકહ્યું, "નૈષેધિકી" શબ્દપ્રતિજ્ઞાનું ફળ શું? —

→ "નૈષેધિકી" એ પદપ્રયોગ પ્રતિજ્ઞા છે. તે પ્રતિજ્ઞા હોતે છતે નિયમે કરીને "આ પ્રતિજ્ઞાભંગ અનિષ્ટનું કારણ છે" એવો ભયનો અધ્યવસાય થાય છે. અને તેથી નિસ્સિહી શબ્દથી દૃઢયત્ન ઉત્પન્ન થાય છે.

→ આ અધ્યવસાય પ્રતિકુલપ્રવૃત્તિથી વિરોધી છે, અને તેથી અનુકૂલ પ્રવૃત્તિમાં ઉત્સાહને ધારણ કરે છે. અને ત્યારબાદ તેમા દૃઢયત્ન થાય છે.

→ દૃઢયત્ન પૂર્વક કરાતી ક્રિયા ક્ષયોપશમભાવમા વૃદ્ધિકરી થાય છે

→ તેનાથી, ક્ષાયિકભાવો ઉત્પન્ન થાય છે

→ મોક્ષરૂપ ફળને સાધનાર છે.

દૃઢયત્ન પૂર્વક નૈષેધિકી → ક્ષયોપશમભાવની વૃદ્ધિ → ક્ષાયિકભાવોની પ્રાપ્તિ → પરમપદ

☆ આવશ્યકીનું ફળ પણ આજ રીતે જ સમજી લેવું

Note Book Date / /

## * આપૃચ્છના સામાચારી =

ગુરુ = ધર્માચાર્યને વિનયપૂર્વક = ગુરુભક્તિ સન્મુખ એવા મનના પરિણામ પૂર્વક પોતાના હિતને માટે પ્રતિજ્ઞાનું નિવેદન એટલે આપૃચ્છના સામાચારી

→ ગુરુ પદ ગ્રહણથી ગુરુભિન્ન સાધુમાં
વિનય " " વિનય વિના
હિત " " સ્વઅહિતના નિવેદનમાં
" " " પરહિતના "
પ્રતિજ્ઞા " " ભૂતપૂર્વ કાર્યમાં
નિવેદન " " નિવેદન વિના માત્ર કાર્યમાં અતિવ્યાપ્તિ ન થઈ

→ પૂર્વોક્ત લક્ષણ લક્ષિત આપૃચ્છના પૂર્વકનું કાર્ય જ આગળ કહેવાશે એ રીતે યતિને હિતકર થાય છે. અન્યથા આજ્ઞાભંગાદિ દોષો થાય છે. "સર્વ વાક્યં સાવધારણમ્"

## * આપૃચ્છના કર્મની પરિપાટી =

(૧) શાસ્ત્રોક્તવિધિજ્ઞ ગુરુ વસ્ત્રપ્રક્ષાલનાદિ કાર્ય પૂછનાર શિષ્યને આગમોક્ત વિધિને બતાવે છે.

→ શિષ્યની વસ્ત્રોના ધોવનની પ્રતિજ્ઞા સાંભળીને ગુરુ વિચારે છે કે અવિધિથી પણ જો શિષ્ય કાર્ય કરશે તો શિષ્ય ઈષ્ટ જ છે પણ ગુરુને અવિધિની અનુજ્ઞા આપેલ હોવાથી અનિષ્ટાનુબંધ થાય છે. આથી અનિષ્ટના વિઘાતને માટે વિધિપૂર્વક તેની વસ્ત્રધાવનાદિમાં પ્રવૃત્તિ થવાથી ગુરુને ઈષ્ટ સિદ્ધ કરવા વિધિપ્રવૃત્તિ અનુકૂલ વિધિવાક્યને કહે છે.

(૨) વિધિ = આચારના પ્રદર્શનથી શિષ્યને આચારની પ્રતિપત્તિ = શાબ્દબોધ થાય છે.

(૩) "ભગવાનનું વચન સદ્જીવ જીવોની રક્ષા કરનાર છે" આવો તીવ્રશ્રદ્ધાવાળો શુભ = પ્રશસ્ય લેશ્યાથી રંજિત ચિત્તથી ઉત્પન્ન થયેલો ભાવ = અધ્યવસાય વિધિને કથન કરનાર ઉપર ઉત્પન્ન થાય છે. તેનાથી વિઘ્ન = ઈચ્છિત કાર્યને રોકનાર વિઘ્નોનો નાશ થાય છે. ઉપલક્ષણથી કાર્ય વચ્ચેના - સમાપ્તિ સુધીના તમામ વિઘ્નોનો નાશ થાય છે.

Note Book Date / /

* (૪) શુભભાવવડે વિઘ્નના ક્ષયથી ઈચ્છિત કાર્યની વિઘ્ન વગર સમાપ્તિ થાય છે.

(૫) ત્યારબાદ પુણ્યબંધથી સહિત પાપનો ક્ષય થવાથી સુગતિ આદિ ઈષ્ટની અવિચ્છિન્ન પરંપરા પ્રાપ્તિ.

→ વિધિપૂર્વક કરાયેલ પ્રવૃત્તિથી ઉત્પન્ન થયેલ પુણ્યપ્રકૃતિ પોતાનો અબાધાકાલ પૂર્ણ થયા બાદ પોતાની સ્થિતિ પ્રમાણે પાપકર્મ ન હોવાથી દુઃખથી અમિશ્રિત સુખપરંપરાને આપે જ. તેથી ઈષ્ટાનુબંધ કેમ ન થાય.

(૬) લઘુકર્મી થવાથી સુગતિ, ~~[illegible]~~, ગુરુસંગ, ગુરુચરણમાં ભ્રમરતા, પરભવમાં ધર્મશ્રવણ, જ્ઞાન-વિજ્ઞાન, પરમપદ પ્રાપ્તિ

(૧) ગુરુ શિષ્યને વિધિ બતાવે → (૨) શિષ્ય વિધિનો સ્વીકાર કરે → (૩) શુભભાવથી વિઘ્નક્ષય → (૪) ઇષ્ટની પ્રાપ્તિ → (૫) પુણ્યપાપના ક્ષયથી ઈષ્ટાનુબંધ → (૬) સુગતિ → (૭) ગુરુસંગ → (૮) પરમપદ

* (૧) આપૃચ્છા સર્વત્ર ઉપયોગી નથી કેમકે -

(૧) વિધિને માગનાર આપૃચ્છાકારક પ્રતિ પુણ્યોપાર્જનાદિ ક્રમ અફળ છે,

(૨) નિમેષાદિ બહુવેલકાર્યો સ્વસિદ્ધ હોવાથી વિધિનો ઉપદેશ અપાતો નથી

→ (૧) મઙ્ગં = કલ્યાણં લાતીતિ "મઙ્ગલમ્"

(૨) માં ગાલયતિ પાપાદિતિ વા "

વ્યુત્પત્ત્યર્થમાત્રગ્રાહી એવંભૂત નયથી મંગલ તો થાય જ છે.

→ આપૃચ્છામાં આ મંગલનો અર્થ ઘટે પણ છે. વિધિનું જ્ઞાપન થાય કે ન થાય પણ આપૃચ્છાથી શુભભાવ નિબંધન તો થાય જ છે.

→ "આ ગુરુપદિષ્ટ કાર્ય મારા માટે હિતકારક થશે જ" આમ સામાન્ય આપૃચ્છામાં પણ ભાવ ન ઉછળે એવું ન બને. એટલે કે બને જ

→ શ્રદ્ધાવાન શિષ્યને માત્ર ગુરુપદેશ જ શુભભાવમાં કારણ છે.

Note Book Date / /

→ બહુવેલ = જે કાર્ય વારંવાર પુછવુ શક્ય ન બને તે.
→ આવી રીતે બહુવેલકાર્યોથી માંડી સર્વકાર્યોમાં વિશેષપ્રયોજન
હોય તો સાક્ષાદ પૃચ્છા, અશક્ય હોય તો બહુવેલ આદેશ આવશ્યક છે.

* આપૃચ્છાસામાચારી મર્યાદનું મૂળ છે -
→ વિહિત = ભગવાનવડે ઉપદેશ અપાયેલ કાર્ય = કર્મમાં નિઃશંક = શંકારહિત થઈને પરમયત્ન = અતિશય ઉદ્યમ કરવો જોઈએ.
→ નાના પણ વિધિવિષયક કાર્યોમાં આળસ કરવી નહી. તેમાં જે નિત્યકાર્ય ન કરવામાં આવે તો અપાય થાય છે.
→ કાર્યો બે પ્રકાર છે.
(૧) નિત્યકર્મ - જે કાર્યોનું કંઈફળ ના હોય પણ ન કરતા અપાય થાય તેવા ફળની ઈચ્છા વિના
(૨) કામ્યકર્મ = પુત્રપ્રાપ્તિ આદિ ઈચ્છાથી થતાં, કરાતા ન કરીએ તો અપાય પણ ન થાય.
→ આપૃચ્છા પણ નિર્જરાના હેતુથી કરાય છે આથી તે પણ કામ્યકર્મ થશે એમ ન કહેવું. કારણકે - જો ઈચ્છા સહિત બધા કાર્યો થતા હોવાથી દરેક કાર્ય કામ્યકાર્યો જ થઈ જશે. આથી —
(૧) કામ્યકર્મ = અભિષ્વંગ સ્વરૂપ ઈચ્છાથી થતા કાર્યો
(૨) નિત્યકર્મ = નિર્જરાદિ " " " "

પ્રશ્ન = જે કાર્યો નિત્ય કરવાના છે તે કાર્યની શરૂઆત પહેલા તો તે કાર્ય થતા નહતા આથી ત્યારે અપાયો થઈ જશે?
સમાધાન = નિત્યકાર્યને કરવાનો જે કાળ ભગવાને બતાવ્યો છે તે કાળે કાર્ય ન થાય તો જ અપાય થાય છે, નિત્યકરણકાલ સહિત અકરણ લેવાનું છે
→ આજ્ઞાના લેશભંગથી પણ મહાનર્થ થતા હોવાથી ભવભીરુ વડે આજ્ઞાભંગ ન થાય તેમા પ્રયત્નવાળા થવું. આજ્ઞાભંગના વારણ માટે જ પ્રત્યાખ્યાનમાં પણ વિવિધ આગારો બતાવ્યા છે.
→ આથી સમયવેદી પુરુષો વડે નિમેષાદિ સામાન્ય કાર્યોમાં પણ "બહુવેલ" આપૃચ્છા કથન કરાઈ છે.

Note Book Date / /

→ ક્યારેક સાંભળતા ગુણો માત્ર ઉત્સાહના ઉત્કર્ષ માટે કથન કરાયા છે. આથી ક્યાંક ગુણો ન દેખાતા હોવા માત્રથી તે આપૃચ્છા માં પ્રતિબંધક બનતા નથી.

## ✱ પ્રતિપૃચ્છા સામાચારી :-

ગુરુદેવ વડે પૂર્વમાં નિવેદન કરાએલ અર્થની પૃચ્છા પૂર્વોક્ત લક્ષણવાળી જ પૃચ્છા તે પ્રતિપૃચ્છા.

— નિવેદન = વિધિ કે નિષેધમાંથી એક સ્વરૂપવાળું હોય તે.

→ "પૂર્વનિવેદિત" પદગ્રહણથી પૂર્વમા નિવેદિત ન કરાયેલ અર્થમા
" પૃચ્છ " " પૃચ્છાગુણ રહિત કથનમાં અતિવ્યાપ્તિ ન થઈ
"નિવેદન" " અપવાદ આવતા નિષેધ કરાયેલ કાર્યની પૃચ્છામાં અવ્યાપ્તિ ન થઈ.

★ આ સામાચારી કોને હોય ? = "દ્વાર" = ગુર્વાજ્ઞાપાલનમાં બદ્ધકક્ષ
" " ક્યારે હોય ? = "કૃતિસમયે" = પૂર્વકથિત કામનો અવસર આવે ત્યારે
" " ક્યા નિમિત્તે " ? = "જ્ઞાન" = વિવક્ષિત કાર્યથી અન્ય કાર્ય અથવા તેના નિષેધના જ્ઞાનને માટે.

⇒ તે કાર્યાન્તરો કયા-કયા છે?

પ્રતિપૃચ્છા કરાયેલ ગુરુ ક્યારેક (૧) પૂર્વમા કહેવાયેલ કાર્યથી અન્ય કાર્ય બતાવે
(૨) " " કાર્યનું હવે પ્રયોજન ન હોય
(૩) " " કાર્ય હવે અન્ય અવસરે કરવાનું કહે
(૪) " " " અન્ય શિષ્ટ સાધુ કરશે એમ કહે
(૫) " " " કોઈ વડે કરાઈ ગયું છે. " "
આદિથી (૬) " " કાર્યમાં જ કંઈક વિશેષ કહે.

આ કારણથી પ્રતિપૃચ્છા કરવી ઉચિત જ છે.

→ આવી પ્રતિપૃચ્છાની જિજ્ઞાસા વિના જ પૂર્વોપદિષ્ટ ગુરુવડે નિર્દેશ કરાયેલ કાર્ય કરવાથી નિર્જરા થઈ જતી નથી. ગુરુના ઉપદેશ બાદ ઘણો કાળ વ્યતીત થયો હોય તો પ્રતિપૃચ્છાનો અવસર આવી ગયો હોવાથી જો ન કરવામાં આવે તો પ્રત્યપાયોનો પ્રસંગ આવે.

Note Book Date / /

* પ્રતિપૃચ્છાના અન્ય પ્રકારો =

(૧) પ્રવૃત્તિ = ઇચ્છિત કાર્યના વ્યાપારમાં ત્રણ વાર સ્ખલના = દુર્નિમિત્તાદિની ઉત્પત્તિ થાય તો વિધિપ્રયોગ = દુર્નિમિત્તને રોકનાર વિહિત કાર્ય કરવા છતા પણ પુન: પુન: સ્ખલના થાય તો પ્રતિપૃચ્છા કરવાની હોય છે.

→ દુર્નિમિત્તને પ્રતિબંધક વિધાન = (વિધિ)

(૧) પ્રથમ સ્ખલનામાં આઠ શ્વાસોશ્વાસનો કાઉસ્સગ્ગ

(૨) બીજુ વાર " સોળ " "

(૩) ત્રીજુ વાર " સંઘાટકમાં જ્યેષ્ઠને પાછળ રાખવો

(૪) પ્રતિપૃચ્છા

પ્રશ્ન = (૧) વિધિપ્રયોગ કરે તો પણ સ્ખલના થાય ?

(૨) અને આવું થાય તો પણ ત્યાં પ્રતિપૃચ્છા કેમ કરવાની?

સમાધાન = (૧) પ્રાય: સ્ખલના ન જ થાય. પરંતુ અલ્પ શક્તિવાળા વિધિપ્રયોગનું ઘણાબધા વિઘ્નના ક્ષય માટે અશક્તતા હોવાથી તેવા પ્રકારના વિઘ્નક્ષય માટે (વિધિ) શક્તિમાન નથી એમ ન કહેવાય

દા.ત. = જલકણિકા જાજ્વલ્યમાન અગ્નિને શમાવવા સમર્થ ન હોય તો એમ ન કહેવાય કે - વાદળ દ્વારા મુકાયેલ મુસળધાર નીર પણ તે અગ્નિ શમાવવા સમર્થ નથી.

→ આમ વિધિપ્રયોગ કરે છતે સ્ખલના થાય તો વિઘ્નો ઘણા છે એવી કલ્પના કરાય છે.

A → દુર્નિમિત્ત એ તેના જ્ઞાપક અદૃષ્ટના વશે જણાય છે.

→ પુણ્યવાનને જ આવા અનિષ્ટજ્ઞાપક દુર્નિમિત્ત થાય છે જેથી તે તેના જ્ઞાન દ્વારા પ્રવૃત્તિ અટકાવી દે.

અન્યે = વિઘ્નનો કરનાર દુર્નિમિત્તના ઉચ્છેદ ~~કરતા~~ થતા વિધિપ્રયોગ દ્વારા વિઘ્નક્ષય થઈ જશે.

સમ ⇒ શાસ્ત્રોમાં દુર્નિમિત્તનો હિંસાદિની જેમ નિષેધ કરાયો ન હોવાથી તે પાપકર્મ નથી. પણ વિઘ્નનું જ્ઞાપક છે. આથી તેનો ઉચ્છેદ = વિઘ્નરૂપ સંભવ નથી.

Note Book Date / /

(२) प्रतिपृच्छा द्वारा गुरु विशिष्टज्ञानथी विघ्ननो अभाव जाणी प्रतिपृच्छकने पुनः प्रवर्तननुं कहे अथवा विशिष्टज्ञानना अभावमां शकुनशुद्धि थये छते प्रवर्तवानुं कहे.
उत्सर्ग = वारंवार स्खलना थाय तो ते कार्यमां प्रवृत्ति न करवी
अपवाद = प्रतिपृच्छा बाद गुरु शकुनशुद्धि बाद करवानुं कहे तो करवी.

अन्ये = गुरु वडे पूर्वमां निषेध करायो होय परंतु ग्लानत्वादि रूप ते कामने उत्पन्न करनार सामग्री आवी जाय तो प्रतिपृच्छा करवी
→ पूर्वनिर्दिष्ट वाक्य वडे उत्पन्न थयेल अनिष्टसाधनना ज्ञानने दूर करी उत्तरविधि वाक्यथी उत्पन्न थयेल इष्टसाधनतानुं ज्ञान द्वारा ते इच्छा-प्रवृत्ति आदिक्रमे प्रतिपृच्छकनुं कार्य सिद्ध थई शके.
प्रश्न → पूर्वमां निषेध करनार गुरु हवे अनुज्ञा आपे तो विरोध थाय.
समा → ओक ज कार्यमां उत्सर्ग-अपवाद वडे विधिनिषेधनो संभव छे.

* आपृच्छा कर्या बाद कोई कारणसर कार्य न कर्युं, पछी प्रतिपृच्छाना समये प्रतिपृच्छा विना ज कार्य करीओ तो आपृच्छा जन्य फळ मळे के न मळे?
⟹ प्रतिपृच्छाना स्थले = अवसरे आपृच्छा ओ प्रतिपृच्छाने पूर्वकालीन उपकार करे छे. केम के पूर्वे आपृच्छा करी होय तो ज प्रतिपृच्छा आवे. आथी प्रतिपृच्छा अवसरे आपृच्छा गौण थाय छे माटे इष्ट = अभिलषित फळ = कार्यने साधवा माटे स्वतन्त्र = स्वप्रधानताने धारण करतुं नथी.
A → बहुक्रियात्मक प्रधान कार्य आरंभ बाद तेनो ओकदेश आराधता फळ न मळे पण दोष लागे दा.त. = प्रतिक्रमणनो प्रारंभ करी चैत्यवंदनादि ओक कायोत्सर्ग करी प्रतिक्रमणना फळनी प्राप्तिनो प्रसंग आवे.
⟹ आपृच्छा त्यां गौण छे माटे प्रधान नथी
⟹ गुरुना उपदेश बाद तरत ज कार्य थाय तो ज फळ आपनार बने.
आपृच्छामां ज

Note Book Date / /

* આપૃચ્છા અને પ્રતિપૃચ્છા બંનેમા નિજહિતકાર્યનું નિવેદન હોવાથી બંનેમા ભેદ નથી → વિષયભેદથી ભેદ માનીએ તો પણ આપૃચ્છા અનન્તકાર્યવિષયક હોવાથી સામાચારીના અનંતા ભેદ થઈ જશે -

<u>સમા</u> → ઉપાધિ = લક્ષણ બંનેના ભિન્ન છે માટે બંનેમાં ભેદ છે. પ્રમાણ-પ્રમેય પણ સ્વરૂપથી અભિન્ન છે પણ લક્ષણથી ભિન્ન છે તેમ અહિં પણ સમજવું.

પ્રશ્ન = પણ આવું સાંકર્ય થતુ હોવાથી લક્ષણ સિદ્ધાન્તવિરુદ્ધ છે.

સમા → - સિદ્ધાન્તમાં કહ્યું છે કે - હે પ્રભુ! જીવ એ નારકો જ હોય કે નારકો ન હોય ? ગૌતમ! જીવ નૈરયિક હોય પણ, ન પણ હોય પણ નૈરયિક નિયમા જીવ હોય

આમ - જે પ્રતિપૃચ્છા હોય તે આપૃચ્છા હોય પણ જે આપૃચ્છા હોય તે પ્રતિપૃચ્છા હોય પણ, ન પણ હોય

એકપદવ્યભિચાર = જ્યાં પહેલા પદમાં વ્યભિચાર નથી, બીજા પદમાં છે તે.


<u>પ્રશ્ન</u> = જીવ સામાન્ય છે, નારક વિશેષ છે તેમ આપૃચ્છા સામાન્ય છે પ્રતિપૃચ્છા વિશેષ છે. તો પછી ભેદથી પ્રતિપાદનમાં શું પ્રયોજન છે ?

<u>સમા</u> ⇒ આપૃચ્છા = વિધિશિક્ષાના અને પ્રતિપૃચ્છા = કાર્યાન્તર જ્ઞાનના પ્રયોજનથી થાય છે આમ પ્રયોજન ભેદ હોવાથી બંનેમાં ભેદ છે.

⚠ જો આમ માનવામાં ન આવે તો આપૃચ્છા-પ્રતિપૃચ્છાનો "ઈચ્છાકાર"માં જ સમાવેશ થઈ જશે.

"આપના વડે કહેવાયેલ આ કાર્ય ઈચ્છાપૂર્વક કરવા તૈયાર છું પરંતુ શકુનાદિ સ્ખલના પ્રતિષેધ કરે છે" આવી પ્રતિપૃચ્છા એ ઈચ્છાકાર લક્ષણમાં આવી જ જાય છે.

છતા, ઉપધેય સાંકર્ય હોવા છતા ઉપાધિનું સાંકર્ય નથી.



# * છંદના સામાચારી =

⟹ પૂર્વમાં લાવી દિધેલ અશનાદિનું ગુર્વાજ્ઞાવડે = રત્નાધિકના આદેશપૂર્વક, યથાર્હ = બાલ, ગ્લાન આદિ યોગ્યતાનું ઉલ્લંઘન કર્યા વિના સાધુઓને = યતિઓને જેના વડે દાન અપાય તે ગ્રહણમાટે નિમંત્રણ એટલે.

⟹ "ગૃહીત" પદ ગ્રહણથી અગૃહિત અશનાદિમાં
"ગુર્વાજ્ઞા" " " ગુરુઆજ્ઞા વિના આપતા
"યથાર્હ" " " ક્રમવ્યત્યય વડે
"નિમંત્રણ" " " માત્ર દાન કરતા
અતિવ્યાપ્તિ ન થઈ.

→ આ સામાચારી વિશેષ સાધુને આશ્રયીને જ છે સામાન્ય સાધુને નથી.

## * વિશેષવિષયક છંદના સામાચારીના અધિકારી =

"અત્તલદ્ધિય" = ① "આત્મનૈવ" = પોતે પ્રાપ્ત કરેલ લાભાન્તરાય કર્મના ક્ષયોપશમ વડે, (પરસહાયતા આદિથી નહી) "લબ્ધિ:" ભક્તાદિ લાભ છે જેને તે

② "આત્તા" = સ્વીકારકરાઈ છે "લબ્ધિ" = ભક્તાદિને પ્રાપ્ત કરાવનાર અનુકૂલ શક્તિ જેના વડે તે.

③ "આપ્ત" = પ્રાપ્ત કરાઈ છે લબ્ધિ જેના વડે તે.

→ આત્મલબ્ધિક અને વિશિષ્ટતપકારક મુનિઓને આ સામાચારી કરવી ઉચિત છે.

Why કેમ? ⟹ આવા સાધુ પારણામાં માંડલીની બહાર ભોજન કરનાર હોય છે આથી તેઓને ઉચિત છે.

→ અન્ય સાધુઓ તો માંડલીભોજી અને એકભક્ત હોવાથી પૂર્વગૃહીત ભક્તનો અભાવ હોવાથી છંદના નિર્વિષયક થાય.

પ્રશ્ન = તેવા સાધુ પણ પોતાની ઉદરપૂર્તિ માત્ર જ ભક્તાદિક ગ્રહણ કરે તો છંદના કેવી રીતે થાય?

સમા = બાલ-ગ્લાનાદિના અનુગ્રહને માટે ઉચિત સાધુને અધિક = સ્વપ્રમાણથી વધારે અશનાદિનું ગ્રહણ તીર્થંકરોવડે અનુજ્ઞાત છે.

Note Book Date / /

* છંદકદ્વારા છંદના કરાયે છતે છંદ્ય ગ્રહણ ન કરે તો નિર્જરા થાય ?→
→ આજ્ઞાશુદ્ધ = જે પ્રમાણે ભગવાન વડે કથન કરાયું છે તે પ્રમાણે ઉપદેશનું પાલનથી ઉત્પન્ન થયેલ ભાવ = અધ્યવસાય જ (અન્યનો નિષેધ સમજવો) ઘણા જ દાન પોતાના ભાવના અતિશયને અનુસારે અતિશયી નિર્જરા = કર્મહાનિ ને આપે છે સાધુવડે કરાતુ ગ્રહણ નિર્જરા આપતું નથી.
→ છન્દ્યના ગ્રહણ વિના પણ નિર્જરારૂપ ફળ પ્રાપ્ત થતું હોવાથી છન્દ્યગ્રહણ સહકારી કારણ પણ નથી પણ ભાવવિશેષ જ હેતુ છે.

પ્રશ્ન → "વિધિપૂર્વક કરાતું દાન નિર્જરામાં કારણ છે. આથી જો ગ્રહણ ન કરે તો નિર્જરા કેવી રીતે થાય

સમા ⇒ વિધિપૂર્વકનું દાન નિર્જરામાં કારણ છે.
વિશેષણ ... વિધેય

① વિશિષ્યવિધિ = ભાવપૂર્વકનું દાન નિર્જરા કારણ છે
ભાવપૂર્વકનું → વિશેષણ → નિશ્ચયનયથી વિશેષણ હેતુ આવશ્યક છે.
દાન → વિશેષ્ય → બાહ્ય કારણ તરીકે → ભાવરહિત દાનમાત્ર નિર્જરાકારણ ન થાય
આથી વિશિષ્ય = દાન નું (હેતુપણું) વિચારવું અનુચિત છે.

② નિર્જરાત્મક ફળનો દેશ = છંદકનો આત્મા
દાનરૂપ ક્રિયાનો દેશ = " નું શરીર ✗ કાર્ય કારણ
ભાવોત્પત્તિનો દેશ = છંદકનો આત્મા
→ કાર્યકારણ વચ્ચે નિયમાં એકદેશ અધિકરણ પણું હોય અહિંયાં પણ ભાવ - નિર્જરા વચ્ચે એકદેશતા છે માટે ત્યા કારણ કાર્ય ભાવ હોય શરીર અન્ય દેશ છે ત્યાં નહી.
→ અસંબદ્ધ કાર્ય ઉત્પત્તિ કરે તો અતિપ્રસંગ થાય તે અ.મ.પ. દ્રવ્યાલોક વગેરે ગ્રંથોમાં જોઈ લેવું.

Note Book  Date / /

⟹ તેથી આજ્ઞાશુદ્ધભાવ જ વિપુલનિર્જરામાં હેતુ છે. અશન = ભક્ત ઉપલક્ષણથી પાનાદિ અગ્રહણ = અસ્વીકારમાં પણ
છંદકને = પૂર્વગૃહીત અશનાદિના નિમંત્રણ કરનારને
ફલસિદ્ધિ = નિર્જરાવિશેષની પ્રાપ્તિ થાય જ છે.

* અશનાદિ દાન પણ ફલમાં હેતુ છે. અશનાદિદાન જન્ય ભાવવિશેષ હોવાથી આ પરંપરાસંબંધથી ફલની સમાનાધિકરણતા થઈ ગયા છે. આમ, વ્યવહારનયની સૂક્ષ્મદૃષ્ટિથી દાનપણ નિર્જરામાં હેતુ છે. દાન વિના નિર્જરાફળ પ્રાપ્ત થતુ નથી —

⟹ અગ્રહણસ્થલે દાનગ્રહણથી ઉત્પન્ન થયેલ સુકૃતાનુમોદન થતું નથી

દાતાને દાનથી ઉત્પન્ન થતો ભાવ = સારુ થયુ મારા વડે આ મહાત્માને અશનાદિ અપાયું, સંસારમાં અસારશરીરનું આ જ ફળ છે કે પ્રત્યુપકારની ઈચ્છાવગર વૈયાવચ્ચ કરવી.

દાન ગ્રહણના અભાવે થતો ભાવ = અહો! મારા વડે માત્ર કષ્ટ કરાયું પણ તેનું કંઈ પણ ફળ મળ્યું નહી. આમ દીનતાથી સુકૃતભાવનો નિરોધ થાય

દાન ગ્રહણ કરનારને થતો ભાવ = આ મહાત્મા શ્રેષ્ઠ છે કે જે અદીનમને પર માટે આટલો પ્રયત્ન કરે છે. મારા વડે આ ગ્રહણ કરાયું તે સારુ થયું આ ગ્રહણથી તેઓની ચેતોભાવવૃદ્ધિ કરી મેં પ્રત્યુપકાર કર્યો અને મને પણ સ્વાધ્યાયમાં ટેકો મળ્યો.

⟹ આમ દાનજન્ય સુકૃતાનુમોદન ના થાય પણ વિધિપાલન = ભગવાનના ઉપદેશથી ઉત્પન્ન થયેલ સુકૃતાનુમોદન નિયમા થાય છે. દાતાને દાનનું અનુમોદન સંભવે પણ પોતે અદીનપણે કરેલી વૈયાવચ્ચનુ અનુમોદન તો થાય જ

⟹ અવિવેકીને જ અગ્રહણસમયે દીનતા આવે વિવેકીને નહી.

⟹ છન્દકને પણ અગ્રહણ કરવા છતા સુકૃતાનુમોદન સંભવે છે જ

⟹ પૂર્વોક્ત પરંપરાસંબંધથી દાન પણ હેતુ ન બને કેમ કે ભાવવિશેષ અવશ્ય હેતુ હોવાથી દાનને કારણ માનવાની આવશ્યકતા નથી.

નિશ્ચયનય = "દાસવડે ગધેડો ખરીદાયા છતા" તે ગધેડો માલિકનો જ કહેવાય, તેમ આત્માનો ભાવ હોવા છતા કારણ દાન જ કહેવાય એમ માનવા જતા ઘટોત્પત્તિમાં દંડાવયવને પણ કારણ માનવાની આપત્તિ આવે.

Note Book Date / /

વ્યવહારનય = દાનજન્યશુભભાવથી નિર્જરા થાય તો દાન હેતુ બને નિર્જરા ન થાય તો દાનહેતુ ન બને. દાન ન હોય તોપણ છંદના જન્ય ફળ તો ઉત્પન્ન થાય છે.

* છંદકને કેવી રીતે આચરતા લાભ કે નુકશાન થાય ?

→ કેવી રીતે કરે ? ⇒ જ્ઞાન, તપ, સંયમાદિના ઉત્કર્ષને માટે = ઉપકાર થાય = વૃદ્ધિ થાય એવી ઈચ્છાથી છંદનાકારની ભક્તાદિ આનયન કરે.

→ લાભ = આવા અભિલાષથી થતું વૈયાવૃત્ય બળવાન અનિષ્ટની પરંપરાને દૂર કરી ઈષ્ટસિદ્ધિ કરે.

→ કેવી રીતે ન કરે ? ⇒ કાલાન્તરે પ્રત્યુપકારની ઈચ્છાથી કે પોતાની પ્રશંસાને પ્રાર્થતો છંદના ન કરે

→ નુકશાન = આવી રીતે તો અનિષ્ટપરંપરા ઉત્પન્ન થાય

* છન્દ્યને કેવી રીતે લાભ અને નુકશાન થાય ?

→ છન્દ્યનુ આચરણ = "મારા વૈયાવૃત્યથી આને નિર્જરા વિશેષ લાભ થાઓ" આવા ભાવથી છન્દ્ય કૃત્યને કરાવે. સ્વાધ્યાયાદિ માટે પણ કરાવે

→ લાભ = તેની નિર્જરાનો અર્થી એ ઈષ્ટફલ પ્રાપ્ત કરનાર થાય

→ છન્દ્ય આમ ન કરે ⇒ (૧) આળસાઈ = સ્વશક્તિનુ ગોપવતો કે
(૨) પ્રત્યુપકાર બતાવતો = જો તુ મારુ કામ કરશે તો હું પણ તારુ કામ કરીશ એમ પ્રલોભન કરતો

→ નુકશાન = આવુ આચરણ અનિષ્ટનું સાધક થાય છે.

<u>નિષ્કર્ષ</u> → મોક્ષની ઈચ્છાથી થતી પ્રવૃત્તિમાં જ્ઞાનાદિની વૃદ્ધિ એમ ઈચ્છાથી થતા વૈયાવચ્ચ યોગ્ય છે.

કીર્ત્યાદિમાટે છંદનાને જોડી તેની ઈચ્છાથી થતી પ્રવૃત્તિ અજ્ઞાન નિમિત્તક કર્મબંધ કરે.

નિરુપાધિક ઈચ્છા = જે ઈચ્છા અન્ય ઈચ્છાને કારણે થઈ હોય. દાનજન્ય માટે લાભ

સોપાધિક ઈચ્છા = જે " " " " ન થાય, સુખ, દુઃખ-હાનિ

→ છંદનામાં નિરુપાધિક ઈચ્છા સંભવ નથી આથી ઐહિકસુખની ઈચ્છાથી થતી છંદના મોહથી થતો કર્મબંધ કરે.

પ્રશ્ન = મોક્ષની ઈચ્છા પણ રાગરૂપ હોવાથી કર્મબંધમાં હેતુ છે.

સમા⇒ આસક્તિ રહિત શુભભાવવાળી ઈચ્છા કર્મબંધમા હેતુ નથી. જેમ અગ્નિ ઈંધનને બાળી પોતે પણ નષ્ટ થાય છે તેમ મોક્ષની ઈચ્છા પણ કર્મનો નાશ કરી પોતે નષ્ટ થઈ જાય છે.

✳ આવા ગુણવાન છન્દક - છન્દ્ય છંદનાસામાચારી યોગ્ય છે ⇒

ગંભીર = જેના ચિત્તનો અભિપ્રાય લક્ષિત ન થતો હોય

ધીર = છંદનાસામાચારી અભિનાભોવી પરિભવ સહિષ્ણુ

→ આવા છન્દ્ય - છંદકવડે છંદનાસામાચારી આત્મસાત્ કરાય છે

Note Book Date / /

✳ નિમંત્રણા સામાચારી =

યતિઓને = સાધુઓને, ગુરુને પૂછવાપૂર્વક = ધર્માચાર્યની આજ્ઞા લઈને અગૃહીત = નહીં લાવેલા અશનાદિ આશ્રયીને સંપ્રાર્થના = ભાવવિશુદ્ધિ પૂર્વકની પ્રાર્થના નિમંત્રણા સામાચારી થાય છે.

"अगृहीत" પદ છંદનાના વારણ માટે છે

સાધુ કેવો હોય ⇒ સ્વાધ્યાય, વસ્ત્રાધાવનાદિ ગુરુકૃત્યમાં રત = ઉદ્યત = સ્વાધ્યાયાદિ કરીને પરિશ્રાન્ત થયેલને કાર્યોદ્યુક્ત = વૈયાવૃત્ય લક્ષણ કાર્યમાં બદ્ધાંજલિ જાણી સાધુને નિમંત્રણા હોય છે.

✳ સ્વાધ્યાયાદિથી ખિન્ન થયેલને વૈયાવૃત્યમાં ઉદ્યોગ કેવી રીતે થાય

પરિણત જિનવચન = સમ્યક્ રીતે પ્રવચનના તત્ત્વોને શ્રદ્ધાનો વિષય બનાવનાર મહાનુભાવો.

① ક્ષયોપશમથી પુષ્ટ કરાઈ છે શક્તિ જેઓ વડે તેને → ② નિરંતર ભગવાનના વચનનું પરિભાવન કરી શકે તેને → ③ વિવેક ઉત્પન્ન થાય → ④ મોક્ષપ્રતિકૂળ ઈચ્છાનો અને પ્રમાદનો પરિહાર

↓

⑤ મોક્ષઈચ્છાની પરંપરા → ⑥ મોક્ષોપાયની ઈચ્છાની પરંપરા → ⑦ મોક્ષની પ્રવૃત્તિની પરંપરા

→ આમ. પ્રતિસમય કાર્યોદ્યોગ = કૃત્યોદ્યમ મોક્ષની નિરંતર થતી ઈચ્છાથી થાય છે. તે પરિણત જિન તત્ત્વ મહાપ્રભાવી પુરુષને જ હોય છે

✳ મોક્ષની ઈચ્છાની પરંપરા સતત રહે તે માટે ઉપદેશ —

⇒ જેમ મરુદેશ શુષ્ક ભૂમિવાળો હોવાથી વૃક્ષનો સંભવ ત્યાં દુર્લભ છે તો કલ્પવૃક્ષની પ્રાપ્તિ કેવી રીતે થાય? તેમ ચારેગતિમાં મનુષ્ય ભવ અતિદુઃખથી પ્રાપ્ત થાય છે. પ્રથમારામાં ત્યાં પણ ઉત્તરોત્તર પુણ્યપ્રકર્ષથી પ્રાપ્ત કલ્પવૃક્ષ પ્રાપ્ત થાય તેમ સંસારમાં પણ મનુષ્યત્વ પ્રાપ્ત થાય છે.

આમ અતિદુર્લભ મનુષ્યત્વ પ્રાપ્ત કરી સદા અપ્રમત્ત રહેવું જોઈએ.

આ ઉપદેશથી પરિકર્મિત બુદ્ધિવાળા જીવને મતિભ્રંશાદિના અભાવથી મોક્ષની ઈચ્છાનો છેદ થતો નથી.

Note Book Date / /

* અવિચ્છિન્ન મોક્ષની ઈચ્છાવાળાને તેની ઉપાયની પણ ઈચ્છા હોય છે
તેમાં દૃષ્ટાંત -

→ ભૂખ્યા = ક્ષુધાવેદનીયના ઉદયવાળાને ક્ષણપણ ભોજનઈચ્છા વિચ્છેદ થતો નથી
મોક્ષાર્થી = પરમપદાભિલાષુકને કાર્ય = તેના ઉપાયમાં ઈચ્છાવિચ્છેદ થતે નથી
અન્યથા ફળની સિદ્ધિ ન થાય.

જિજ્ઞાસા = જેમ ઘટની ઈચ્છા કોઈ પણ ઘટની પ્રાપ્તિ થતા શાંત થઈ જાય છે. તેમ મોક્ષોપાયની ઈચ્છા પણ કોઈપણ ઉપાયથી દૂર કરી દેવાય

તૃપ્તિ = કોઈ પણ ઘટની પ્રાપ્તિની ઈચ્છા પાણી લાવવાના ઉદ્દેશ્યથી હોય છે. જલાહરણ ક્રિયાની ઈચ્છા પૂરી થતા તેના ઉપાયભૂત ઘટની ઈચ્છાનો પણ વિચ્છેદ થઈ જાય છે,

→ મોક્ષોપાયભૂત જે કંઈ પણ સ્વાધ્યાયાદિ પ્રાપ્ત થાય પણ ઉદ્દેશ્યરૂપ મોક્ષની સિદ્ધિ થતી નથી આથી મોક્ષની અવિચ્છિન્ન ઈચ્છા સુધી તદુપાયભૂત કાર્યોની ઈચ્છા પણ અવિચ્છિન્ન રહે છે

* હમણાં જ વૈયાવૃત્ય કરીને ઉભા થયેલા સાધુને તરત વૈયાવૃત્યની ઈચ્છા કેવી રીતે થાય? વૈયાવૃત્યના સિદ્ધ = થઈ ગયા હોવાનું જ્ઞાન વૈયાવૃત્યની ઈચ્છાને રોકી દેશે —

→ મુનિઓના કાર્યમાં = સાધુસંબંધિ વૈયાવચ્ચના કાર્યોમાં સિદ્ધ થયે છતે તે વૈયાવૃત્યાદિ કૃત્યોમાં ઉત્કૃષ્ટ = પૂર્વના વૈયાવૃત્ય કરતાં વધુ સારું વૈયાવૃત્ય અસિદ્ધ હોવાથી = અનુત્પન્ન હોવાથી તદ્ વિષયક ઈચ્છા સંભવ છે.

જે વ્યક્તિ વિષયક સિદ્ધત્વજ્ઞાન હોય છે તદ્ વ્યક્તિ વિષયક ઈચ્છાનો જ પ્રતિબંધ થાય છે. અન્ય વ્યક્તિ વિષયક ઈચ્છાનો નહીં. અન્યથા એક વ્યક્તિમાં સુખ સિદ્ધ થયે છતે સુખની ઈચ્છાના વિચ્છેદનો પ્રસંગ આવે. "વિષયેચ્છા તેના ઉપભોગ વડે શાંત થાય છે" આ વાક્યનો પણ વિરોધ આવે.

→ વિષયેચ્છામાં દરેક વિષયોના ઉપભોગ દ્વારા = સિદ્ધત્વ જ્ઞાન દ્વારા સર્વસામાન્ય ઈચ્છાનો વિચ્છેદ હોતો નથી પરંતુ બલવાન દ્વેષના પ્રયોગથી ઈચ્છાવિચ્છેદ થાય છે તે અ.મ.પ. જોઈ લેવું આમ એક કાર્ય સિદ્ધ થયે છતે તેના ભાવિના બીજા કાર્યમાં ઈચ્છા અનુત્પન્ન નથી.

Note Book Date / /


⟹ આ જ કારણથી "નમોऽस्तु" વચન સિદ્ધ થાય છે. આ પદમાં 'अस्तु' એ પ્રાર્થના સ્વરૂપ છે. તે પ્રાર્થના જેને નમસ્કાર સિદ્ધ થઈ ગયો છે તેને કેવી રીતે ઘટે? આના સમાધાનમાં લલિતવિસ્તરા ગ્રંથમાં "તે નમસ્કારનો ઉત્કર્ષ સિદ્ધ થયો ન હોવાથી ઉત્કર્ષની પ્રાર્થના છે" એમ સમર્થિત કર્યું છે.

* આવો ઈચ્છાવિચ્છેદ યોગ્યતા વિના કલ્યાણકારક નથી -

પ્રશસ્તાલંબનવાળો ઈચ્છાવિચ્છેદ પણ યોગ્યતા=ઔચિત્ય વિના ભદ્રવાન્ = પરિણામમાં ઝડપી ફળને આપનારો નથી.

→ બલાત્કાર પૂર્વક આચાર્યની વૈયાવૃત્યમાં ઈચ્છા અને વૈયાવૃત્ય કરનારની અધ્યાપનાદિમાં ઈચ્છા અનુચિત જ છે. "હું આ કાર્ય કરી શકું છું" એવા વિપરીત જ્ઞાનથી પ્રવૃત્તિ પણ વિપરીત જ થાય.

→ ધૃતિવિશેષથી બલાત્કારે કાર્ય સિદ્ધ કરવામાં આવે તો પ્રવૃત્તિમાં મંદતા હોવાથી ~~કાર્યમાં~~ ફળમાં મંદતા જ આવે.




→ આમ મોક્ષમાટે સઘળા સંયમયોગોનું સામ્ય હોવા છતાં જેમાં અધિકપાટવ હોય તેનાથી અવિલંબિત ફળ પ્રાપ્તિ થાય છે.

* નિષ્કર્ષ - યોગ્યતાજ્ઞાનવિહીનને પ્રવૃત્તિ અહિતકરનાર હોવાથી ગુરુપૃચ્છા = ગુરુને નિમંત્રણાનું નિવેદન કરીને જ જાણી છે યોગ્યતા = કર્તવ્યાકર્તવ્ય રૂપ જેના વડે તે નિમંત્રણાપૂર્વક પરની વૈયાવચ્ચ કરે.

→ ગુરુ નિમંત્રણાનો નિષેધ કરે તો લાભ ન થાય આથી કહે છે કે - વૈયાવૃત્ય ન કરવામાં આવે છતાં માત્ર આજ્ઞાથી ઈષ્ટસિદ્ધિ થઈ જાય છે.

→ માત્ર વૈયાવૃત્ય ઈષ્ટની સિદ્ધિ કરતું નથી, સાથે આજ્ઞા ભળેલી હોય તો જ ફળપ્રાપ્ત થાય. આમ જો આજ્ઞામાત્ર જ ફલજનક હોય તો એકલી આજ્ઞાથી ફળપ્રાપ્ત કેમ ન થાય? (થાયજ.) અને આજ્ઞા વિના કૃત્ય કરવા છતાં પણ ફલની સિદ્ધિ ન થાય એથી આજ્ઞા આશ્રયીને જ નિમંત્રણ કરવી જોઈએ.

<u>પ્રશ્ન</u> = નિમંત્રણામાં જ ગુરુપૃચ્છા ઉપયોગી છે. તો નિમંત્રણા વિના કાર્ય ન થાય અને કાર્ય વિના માત્ર ગુરુપૃચ્છાથી સાધ્યસિદ્ધિ કેવી રીતે થાય?

<u>સમા</u> => સાચી વાત છે. ગુરુપૃચ્છાથી ઉત્પન્ન થયેલ ભાવનો ઉત્કર્ષ અને તેનાથી ઉત્કૃષ્ટ ભાવ નિમંત્રણાદ્વારા જ ફલસિદ્ધિ થાય છે.

દ્રવ્યનિમંત્રણામાં તો પૃચ્છા બાદ અટકી જતો હોવાથી ભાવોનો સંકોચ જ થાય છે.

## * ઉપસંપદા સામાચારી =

જેમની નિશ્રા સ્વીકારવાની છે તેઓ જે દાન કરે એનો જ ભોગ એ જ ફળ છે જેનું એવું જે સ્વાધ્યાયાદિ કાર્યનો આત્મસાત્ કરવામાં જે આચાર્યની નિશ્રા સ્વીકારવા વચન બોલવું તે ઉપસંપદા સામાચારી

→ "કાર્ય" પદ ગ્રહણથી કાર્ય વિના રાગાદિથી સ્વીકારમાં
"વચન" " " કાર્ય હોવા છતાં વચન ન બોલે તો
અતિવ્યાપ્તિ વારણ કરવા છે.

→ ઉપસંપદ ત્રણ પ્રકારની છે
(૧) જ્ઞાન = જેના વડે જણાય તે શાસ્ત્રસામાન્ય
(૨) દર્શન = જેના વડે દેખાય તે સંમતિ આદિ દર્શનપ્રભાવક ગ્રંથો
(૩) ચારિત્ર = ક્રિયાકલાપ.

-> કર્મ દ્વિતીયા પ્રાયિક હોવાથી અત્ર નિમિત્તમાં સપ્તમી છે.

→ આમ, ઉપસંપદા ત્રણ ઉદ્દેશ્યવાળી હોવાથી ઉપસંપદા પણ ત્રણ પ્રકારની છે. અન્ય ઉદ્દેશનો અભાવ હોવાથી અન્ય પ્રકારો પણ નથી અને આ વિષય વિભાગ સ્વતન્ત્રપરિભાષા વડે થયો હોવાથી તે પ્રશ્ન માટે યોગ્ય નથી કે "~~[illegible]~~ દર્શનનો જ્ઞાનમાં સમાવેશ કેમ ન કર્યો?"

→ તેનો પૃથગ્વિભાગ એ —
(૧) દર્શનનું પ્રાધાન્ય હોવાથી અથવા
(૨) તેનું પ્રયોજન ભિન્ન હોવાથી કર્યો છે.

## * જ્ઞાન / દર્શન ઉપસંપદાના પ્રકાર =

→ જ્ઞાનોપસંપદા (૧) વર્તન (૨) સંધાન (૩) ગ્રહણ,

→ સૂત્ર = અવિવૃત્ત ગ્રંથ
અર્થ = સૂત્રનું વિવરણ
તદુભય = સૂત્રવિશિષ્ટ વિવરણ, વિવરણવિશિષ્ટ સૂત્ર

→ આમ જ્ઞાનોપસંપદ વર્તનાના ત્રણ, સંધાનાના ત્રણ, ગ્રહણના ત્રણ એમ નવ પ્રકારે છે. તેમ દર્શન ઉપસંપદ પણ સમજવી.

(૧) વર્તન = (૧) સ્થીરકરવું = ભણેલાસૂત્રનું સંસ્કારને દૃઢ કરવા પુનરુચ્ચારણ
(૨) ગ્રહણ કરેલ અર્થનું પુનરુચ્ચારણ
(૩) તદુભયનું પુનરુચ્ચારણ

(૨) સંધિના = અન્યપ્રદેશમાં (કાંઇ ક્ષેત્રમાં) નષ્ટ થયેલ સૂત્રાદિનું ઘટન = સ્મરણ

(૩) ગ્રહણ = અપૂર્વ ઘરણ = સ્વસમાનાધિકરણ - તત્સમાનવિષયકજ્ઞાનાપ્રયોજ્ય = સૂત્રાદિનું પ્રથમવખત ભણવું

* ઉપસંપદ્ ગ્રહણ કરનાર અને આપનાર વચ્ચે ચતુર્ભંગી =

(૧) સંદિષ્ટ - સંદિષ્ટની પાસે
(૨) સંદિષ્ટ - અસંદિષ્ટની પાસે
(૩) અસંદિષ્ટ - સંદિષ્ટની પાસે
(૪) અસંદિષ્ટ - અસંદિષ્ટની પાસે.

→ સંદિષ્ટ = 'તું અમુક ગ્રંથ ભણ' એ પ્રમાણે ગુરુ વડે આજ્ઞા અપાએલ શિષ્ય
સંદિષ્ટસ્ય = 'તું અમુક પાસે ભણ' એ પ્રમાણે આજ્ઞા અપાએલ ગુરુ
અસંદિષ્ટ = ગુર્વાજ્ઞા પ્રમાણે ન ભણે
અસંદિષ્ટસ્ય = ~~ગુર્વાજ્ઞા~~ ગુરુએ ~~આજ્ઞા~~ નિષેધ કરેલ આચાર્ય પાસે ભણે.

* →ઉત્સર્ગ. આ ચાર ભાંગામાં પ્રથમ ભંગ ગુર્વાજ્ઞાપૂર્વક હોવાથી શુદ્ધ છે જ્યારે અન્ય ભાંગામાં ગુર્વાજ્ઞાનું હોવાથી જ સર્વથી વિરાધના હોવાથી અશુદ્ધ છે.

અપવાદ -

અવ્યવચ્છિત્તિનિમિત્તે = પ્રવચનના અવિચ્છેદને માટે દ્વિતીયાદિ ભાંગાઓ પણ અનુજ્ઞાત કરાયા છે.

* કારણ = પ્રવચનનો અવિચ્છેદાદિ પ્રાપ્ત કરીને = આશ્રયીને ગુરુની અનાપૃચ્છા કર્મબંધરૂપ વિપરીતફળને આપનારી બનતી નથી. કારણ વિના થયેલ અનાપૃચ્છા જ અનિષ્ટફળ આપનારી છે.

→ અને અપવાદથી ગ્રહણ કરાયેલ ત્રણ ભેદોમાં સામ્યતા નથી પણ નૈગમનયને આશ્રયીને પ્રકૃષ્ટ-જઘન્યાદિ ભેદ પણ રહેલો જ છે. નૈગમ સામાન્ય-વિશેષને સ્વીકારે છે. આથી સામાન્યથી તો ત્રણેય શુદ્ધ છે પણ વિશેષથી બીજો-ત્રીજો થોડા અશુદ્ધ, છેલ્લો વધુ અશુદ્ધ કહેશે

Note Book Date / /

* ઉપસંપદાની વિધિ =

→ સૂત્રગ્રહણની વિધિ અન્યત્ર બતાવી હોવાથી અહીં વિસ્તાર કરાતો નથી

→ નિર્યુક્તિ અનુસાર આ ગ્રંથરચના હોવાથી તેના પ્રમાણે અર્થગ્રહણ વિધિ બતાવે છે. જે જિનેશ્વર વડે પ્રજ્ઞાપ્ત કરાયો છે.

• (1) જિનેશ્વર વડે પ્રજ્ઞપ્ત → (2) પ્રાજ્ઞ ગણધરો વડે પ્રાપ્ત/ગૃહીત → (3) પ્રાજ્ઞાતિશાયી બુદ્ધિશાળી વડે પ્રાપ્ત

(૧) ઉચિત = વ્યાખ્યાન માટે યોગ્ય સ્થાનમાં પ્રમાર્જના કરવી

→ ચારિત્રીઓને જ્ઞાનાચારની આરાધના ચારિત્રાચારપૂર્વક જ કલ્યાણકારી છે.

→ તે ચારિત્રાચાર વિના માત્ર જ્ઞાનાચાર અનાચાર રૂપ છે

→ આથી જ્ઞાનાચાર આરાધના માટે ભૂમિપ્રમાર્જન વડે ચારિત્રાચારનું ઔચિત્ય પાલન કરાયેલ થાય છે

→ અને ઔચિત્ય કલ્યાણની પરંપરાનો હેતુ છે.

* (૨) ત્યારબાદ બે નિષદ્યાનું સ્થાપન કરવું (૧) ગુરુની (૨) અક્ષની

→ અક્ષનિષદ્યાના = સમવસરણના સ્થાપન વિના ગુરુવડે થતી વ્યાખ્યા = અનુયોગનું અર્પણ અનુચિત = અયોગ્ય છે.

શરીરસમાધિ માટે ઉચિત

* (૩) ત્યારબાદ બે માત્રકનું સ્થાપન કરવું. (૧) માત્રુ માટે (૨) શ્લેષ્મ માટે.

→ અન્યથા અડધા વ્યાખ્યાનમાં ઉઠવા-બેસવાનું થવાથી સ્વાધ્યાયવ્યાઘાત થાય

→ તેનો રોધ કરે તો આત્મવિરાધનાદિ દોષો થાય.

→ કાયિકીની શંકા દૂર કરીને જ ગુરુ વ્યાખ્યાન આપવા બેસે આથી આ દોષોને અવકાશ નથી છતાં પુનઃપુનઃ માત્રુગમનવ્યાધિગ્રસ્ત માટે આ કથન સમજવાનું છે

→ આવા વ્યાધિવાળા આચાર્યએ સૂત્રદાનના કથન દ્વારા એ સમજવું કે અન્ય નિરોગી આચાર્યોએ અનુયોગકથન અવશ્ય કરવાનું જ છે.

Note Book

Date / /

* આવા રોગી આચાર્ય અનુયોગ ન આપે તો શું દોષ?

તેવા = રોગથી ગ્રસ્ત આચાર્ય અલ્પ શક્તિ પણ નિગૂહિત ધૃતિ-બળને નહી સ્ફોરવવા વડે, (બળ) પ્રકટ ન કરાય તો શક્તિ = પરાક્રમને ગોપવતા = આચ્છાદિત કરતા ચરણવિશુદ્ધિ = ચારિત્રપ્રકર્ષને કેવી રીતે પ્રાપ્ત કરે

→ શક્તિના ગોપન વિના પ્રયત્ન કરે તેને જ યતિ કહેવાય આથી શક્તિગોપનમાં તો યતિશુદ્ધિ તો દૂર જ રહે.

* લાંબો સમય ચાલતા અનુયોગદાન છોડી સ્વલ્પસમાધિ આપનાર કાર્યાન્તર કરાય તો શક્તિગોપન ન થાય —

→ અનુયોગદાયક = અર્થના વ્યાખ્યાનને આપનાર કાળમાં = અનુયોગના સમયે, કાર્યાન્તર = તદતિરિક્તકાર્યથી લાભ = ઈષ્ટફળની પ્રાપ્તિ થતી નથી.

દૃષ્ટાંત = રત્નજીવી = રત્ન, ઈન્દ્રનીલાદિ વડે વૃત્તિને કરનાર કાપડવ્યાપાર = સ્થૂલવસ્ત્રવ્યાપાર વડે કોઈ પણ લાભ ન થાય

કેમ? ⇒ (૧) તે કાર્યમાં નિષ્ણાત ન હોવાથી

(૨) સ્વરુચિવાળું કાર્ય ન હોય માટે ઉપેક્ષા થવાથી.

<u>વિવેકી</u> = જે વ્યક્તિ જે કાર્ય માટે યોગ્ય છે તે તેના અનુરૂપ કાર્યને સાધતો જ વિવેકી કહેવાય

* (૪) ત્યારબાદ જેટલા વ્યાખ્યાન સાંભળવાના છે તે સર્વે દ્વાદશાવર્ત વંદનવડે ગુરુને વંદન કરે.

(૫) ત્યારબાદ કાયોત્સર્ગ કરે

શા માટે? ⇒ (૧) ઉત્પન્ન વિઘ્નોના ક્ષયને માટે

(૨) ઉત્પન્ન થનાર વિઘ્નોની અનુત્પત્તિ માટે.

* સર્વશાસ્ત્ર જ મંગલરૂપ છે તેથી અન્ય મંગલ વડે શું?

→ મોક્ષે સઘળું ય શાસ્ત્ર મંગલ રૂપ જ છે.

Note Book Date / /

કેવી રીતે ⇒ (૧) શબ્દની વ્યુત્પત્તિને ગણતા અવિચ્છિન્ન નયથી વ્યુત્પત્તિ ધારમાન શાસ્ત્ર મંગલ રૂપ જ છે.
(૨) આદિ, મધ્ય અને અંતના વચ્ચેના ભાગો પણ મંગલ રૂપે વ્યવસ્થાપિત કરાયેલો જ છે.

→ શાસ્ત્ર રૂપી મંગલ અંતરાય ક્ષય માટે સામાન્ય કારણ છે. શાસ્ત્રમાં વિઘ્નક્ષય = અંતરાયનો વિનાશ મંગલ બુદ્ધિ હોય તો જ થાય છે આથી કાયોત્સર્ગ કરવો જોઈએ.

→ તાત્પર્ય = સામાન્યથી વિઘ્નક્ષયને માટે શાસ્ત્રમાં પ્રવૃત્તિ થાય છે શાસ્ત્ર વિષયક વિઘ્નોના વિનાશ માટે તે મંગલ પ્રવૃત્તિ યુક્ત નથી. અનુત્પન્ન વિઘ્નોના ક્ષય માટે તે અયોગ્ય છે.

પ્રશ્ન ⇝ કર્તાને નવાનવા વાક્યરચના દ્વારા અને શ્રોતાને સાંભળવા દ્વારા વિઘ્ન ક્ષય થઈ જશે. અન્ય મંગલ વડે શું?

સમાધાન ⇝ મંગલ કર્યા વિના શાસ્ત્ર સમાપ્તિ ઘટવી શક્ય નથી

પૂર્વપક્ષ ⇝ પૃથગ્ મંગલ એ શાસ્ત્રાદિ શાસ્ત્રથી (૧) ભિન્ન છે ⇒ સંબંધ નહીં ઘટે
(૨) અભિન્ન છે → સંપૂર્ણ મંગલ શાસ્ત્ર રૂપ બની જશે
(૩) ભિન્નાભિન્ન છે ⇒ મંગલ વાક્યથી અન્ય વાક્ય કઈંક વિશિષ્ટ નથી જેથી પ્રથમ પ્રયોજન સમુદાય વિઘ્ન વિઘાત કરે અન્ય વાક્યો નહીં.

સમા ⇒ પૃથગ્ મંગલ કરવાથી શાસ્ત્રમાં મંગલબુદ્ધિ આવે છે. અને તે મંગલબુદ્ધિથી જ વિઘ્નક્ષય થાય છે.

પૂર્વ ⇝ મંગલ વિઘ્નક્ષય ન કરે મંગલબુદ્ધિ, વિઘ્નક્ષય કરે આ કેવી રીતે?

સમા ⇝ જે સ્વરૂપથી મંગલ રૂપ હોય પણ એને અમંગલ બુદ્ધિથી કે મંગલ બુદ્ધિ વિના ગ્રહણ કરાય તો તે મંગલ રૂપ ન થાય દા.ત. મંગલ રૂપ સાધુને જો અનાર્યો અમંગલ બુદ્ધિથી ગ્રહણ કરે તો તેઓને મંગળનું ફળ ન મળે.

પૂર્વ ⇒ આમ તો અમંગલ મંગલબુદ્ધિ ગ્રહણ કરતા તે મંગલ રૂપ થઈ જશે

સમા ⇒ નિશ્ચયનયનો સાર એટલો જ છે કે યથાવસ્થિત = સાચો મંગલનો ઉપયોગ જ મંગલ કાર્ય કરવા સમર્થ છે.

Note Book Date / /

पूर्व⇒ ग्रंथकारवडे रचना समये करायेल मंगलथी श्रोताने पण कोई(ण) रीते मंगलनो संभव छे.ज, कायोत्सर्ग करवानी शुं जरूर छे,

समा⇒ आनुषंगिक मंगल तेवा भावने उत्पन्न करतु नथी जेवा भाव कायोत्सर्ग उत्पन्न करे छे आथी तेनु पृथग्‌विधान छे.

✳ (६) कायोत्सर्ग कर्याबाद गुरु = अनुयोगदाताने वंदन करीने अत्यंत दूर के अत्यंत नजीक स्थान छोडीने मध्यमस्थाने रहेला शुशिष्यो विधिपूर्वक —(१) निद्रा-विकथानो त्याग (२) अंजलि जोडी (३) भक्ति-बहुमान पूर्वक (४) स्वयं अने गुरुनो हर्ष वधारता प्रयत्न करे आ वचनो सांभळे

→ (१) अत्यनजीक होय तो अविनय थाय
(२) " दूर होय तो सम्यग्‌श्रवण न थाय

→ चारवस्तु मध्यमभावथी सेववी (१) राजा (२) वह्नि (३) गुरु (४) स्त्री
अत्यंत नजीक होय तो विनाशमाटे थाय
" दूर होय तो फळप्राप्त न थाय.

✳ (७) व्याख्यान = अनुयोग समाप्त थये छते सर्वसाधुओ मात्रुकरे त्यारबाद अनुभाषकने द्वादशावर्त वंदन करे.

अन्ये = वाचना पूर्वे गुरुने वंदन करीनेज अनुभाषकने वंदन करे.

✳ पूर्व⇒ (१) व्याख्यान लब्धिमां विकल एवा पर्याय / वय ज्येष्ठने वंदन निरर्थक छे = ईच्छित फळने आपनार नथी. अनुयोगना अंगरूप वंदन अनुयोग प्राप्ति रूप प्रधानफळने आपनार बनतु नथी
(२) अनुयोग अर्पणमा अनुकूल पण जो पर्याय/वय लघु होय तो वडिल साधुओ तेने वंदन करे तो आशातना दोष थशे.
-आम. अन्यगतिनो अभाव होवाथी आ वंदन अयुक्त छे.

✳ समा = व्याख्यान विधिमां ज्ञानगुणने आश्रयीने ज्येष्ठ समजवो रत्नाधिक वडे व्याख्यानगुणमां अधिक एवो साधु ज्ञानगुणनाकारणे वंदनीय छे माटे आशातना नथी. हीनगुणने वंदन करावता दोष थाय अधिकगुणीनो नहीं.

Note Book Date / /

पूर्व ⇒ स्थविर चारित्रगुणमां अधिक छे, लघु ज्ञानगुणमां अधिक छे आम गुणनी समानताज थई, गुणाधिक्य नही.

(समा.) → वन्द्यसाधुए पोताने आराध्यगुणमां अधिक साधुने वंदन करवाना छे. आथी दोष नथी.

→ अन्यथा क्षायोपशमिक साधुए पण क्षायिकगृहस्थने वंदन करवानो प्रसंग आवे.

✱ लोकमां गुणवान तरीके प्रसिद्ध पण आत्माने गुणहीन जाणतो साधु परने वंदन करावतो कपटादिभावने कारणे कर्मबंध करनार थाय छे.

वंदन माटे बाल = मात्र लिंगने जुए छे.

मध्यम = स्थूल आचरणने जुए छे.

उत्कृष्ट = विशुद्धपरिणतिनी सर्वयत्नथी परीक्षा करे छे. वंदन करतो

→ दृष्टांतमां पोतानामां उत्पन्न थयेल भ्रमवाळा मुग्धजनोने निरखतो विश्वासघातरूप पातकथी लिप्त अंतःकरणवाळो हुन्तमोहथी ग्रस्थ थाय छे.

✱ → कपटी साधुने परवडे वंदन करावता दोष थाय. परंतु अहिंया तो तेनाथी अत्यंत भिन्न अने प्रशस्यलक्षणवाळा अनुभावक ज्येष्ठ कपटवडे नहीं पण तीर्थंकरनी आज्ञामातना आराधन माटे लगता एवा वयपर्यायथी अधिक ज्येष्ठने वंदन करावता केवी रीते दोष थाय ? न ज थाय. कीज: कपटादिनो अभाव छे माटे.

→ आ वंदन प्रवचननी आराधना माटे ज छे. आथी चारित्रहीनने पण जो ज्ञानगुणमां अधिक होय तो आराध्यगुणने कारणे अपवादथी ते पण वंदनीय छे.

आथी ज अपवादमार्गे प्रकटरीते दोषोने सेवन करनार पण प्रवचनने माटे वंदनीय छे एवुं आपनावडे अनुज्ञात छे. "अपि" उत्सर्गथी ते अवंदनीय छे.

प्रश्न ⇒ तेने वंदनमां दोष छे एम भणीने निषेध कर्यो तो हवे अनुज्ञा केवी रीते?

समा: तेमा रहेला दुर्गुणोनी अनुमोदना तेमां जोडायेली नथी मात्र प्रवचनग्रहण नी ईच्छामात्रथी आ वंदन थाय छे. तेना दुर्गुणोनी ईच्छानो तो ते वंदनमां स्पर्श पण नथी.

Note Book Date / /

* નિશ્ચય નય → ભાવપ્રધાનતાવાદિ શબ્દનયવડે જ્યેષ્ઠત્વના વિચાર પ્રસંગે પર્યાય = વ્રતકાલ, વય = અવસ્થાવિશેષ એ બે પ્રમાણ નથી. જેના માટે વંદન કરાય છે તે કાર્ય થવું તેઓ વડે અશક્ય છે. માટે પ્રમાણ નથી. પર્યાય/વયથી અધિક પણ ઉપયોગ ગુણ રહિત સાધુ પરમપદના કારણભૂત નિર્જરાનો/પ્રાપ્ત કરાવી શકે નહીં

વ્યવહાર નય → વંદન માટે પર્યાય/વય જ પ્રમાણ = આદરણીય છે. વંદનમાટે ઉપાયરૂપ વંદ્યગત ગુણો જ છે પરંતુ તે ગુણો અભ્યયવિહારશુદ્ધિ ને સહચારી હોવાથી પર્યાય જ તેને જાણવાનો ઉપાય છે. ગુણાદિતો "દાસેણ મે ખરો કીઓ" ઈત્યાદિ ન્યાયથી ગૌણ છે.

→ આમ જો બંને નયો પોતાના કદાગ્રહ પકડી રાખે તો પ્રમાણ શું?

→ ઉભયનયને સંમત વસ્તુ ગ્રહણ કરવી ઉભયાપેક્ષાપૂર્વક જ પ્રમાણવ્યવસ્થા શક્ય હોય છે.

→ વ્યવહાર-નિશ્ચય એ હ્રસ્વત્વ-દીર્ઘત્વની જેમ આપેક્ષિક ગુણ છે. આથી કોઈ અપેક્ષાએ વ્યવહાર મુખ્ય બને, કોઈ અપેક્ષાએ નિશ્ચય મુખ્ય બને આથી વ્યવસ્થા અનુપપન્ન નથી. વિસ્તારાપેક્ષી = અધ્યાત્મમતપરીક્ષા

* આમ, નિશ્ચયનય વડે અપાયેલ દૂષણનું ખંડન કરાયું.

→ વય/પર્યાય વડે જ્યેષ્ઠને વય/પર્યાય વડે હીન પણ જ્ઞાનગુણવડે અધિક વંદનાયોગ્ય છે. તો પોતાનામાં નહીં રહેલ ક્ષાયિકસમ્યક્ત્વાદિ ગુણ ગૃહસ્થ પણ તે ગુણ સહિત હોય તો વંદનીય છે.. જ્ઞાનારાધનાની જેમ દર્શનારાધના પણ મોક્ષાંગ છે જ. આવા મતનું નિર્દલન કરાયું સમજવું.

* ચિહ્નરહિત રૂપિયાનો સીક્કોના સ્થાને રહેલા યતિવેષરહિત સંયમી પણ વ્યવહારનયથી વંદનયોગ્ય નથી, તો ગૃહસ્થ તો વંદનયોગ્ય ન જ હોય છતા જો એમ કરવામાં આવે તો વ્યવહારનયની વિરાધના થાય.

ઉભયનયારાધનાની વિધિ· વિશુદ્ધ યતિલિંગને ધારણ કરનાર, અને સુવિહિત ટંકસહિત રૂપીયાના સીક્કાવાળાને જ વંદનમાં ઉભયનય આરાધના છે.

Note Book Date / /

→ અન્યથા બેમાંથી એક નયની વિરાધનાનો પ્રસંગ આવશે.

→ નિશ્ચયની આરાધના સમયે વ્યવહારની વિરાધના અકિંચિતકર છે.

→ (શ) વ્યવહારનયને સ્વસ્થાનમાં અન્યનયવડે ખંડિત કરીશકાતો નથી આથી તે પણ બલવાન જ છે. નિશ્ચયના સ્થાને જો વ્યવહાર નિર્બળ બને છે તો વ્યવહારના સ્થાને નિશ્ચય પણ નિર્બળ થાય છે આમ સ્વસ્થાને તો બંને તુલ્યરૂપે વર્તે છે.

(પ્ર) એવુ કોઈ સ્થાન છે જ નહી કે જે નિશ્ચયનું સ્થાન ન હોય માત્ર વ્યવહારનું સ્થાન હોય.

(સ) જ્યારે વંદમાં દોષો હોવા છતા તેનુ જ્ઞાન ન હોય અને ગુણો ન હોવા છતા તેનો ભ્રમ હોય ત્યારે નિશ્ચયના અનવકાશમાં વ્યવહારનુ સ્થાન હોય છે.

→ "વ્યવહાર પણ બળવાન છે" ઈત્યાદિ વચનથી આ વાત સિદ્ધ છે.

→ કૃતકૃત્ય એવા અરિહંત પણ વ્યવહારનો વિઘાત કરવાની ઈચ્છાવાળા થતા નથી કેમકે તે પણ મોક્ષનું અંગ છે તેથી કેવળી પોતે જણાયા ન હોય તો તે પણ પોતાના ગુર્વાદિને વંદનાદિ કરે છે.

★ "આ પ્રકારની ઈચ્છા યુક્ત નથી કેમકે વીતરાગપણાનો ભંગ થાય છે આવુ દિગંબરની ~~આમન~~ નીંદનીય શંકા યોગ્ય નથી

(સ) અભિષ્વંગ વિનાની ઈચ્છા એ રાગસ્વરૂપ હોતી નથી પરંતુ તે ઈચ્છા કારુણ્યસ્વરૂપ હોય છે.

→ નંદિવૃત્તિમા કહ્યુ પણ છે કે - કોઈક સ્થાનમા અરિહંતને ઈચ્છાનો અભાવ કથન કરેલ છે તે માત્ર રાગના અભાવ રુપ અભિપ્રાયથી કહ્યુ છે.

✳ વ્યાખ્યાન અવસરે નિશ્ચય પકડી જ્ઞાનજ્યેષ્ઠને વંદન કરવા કહો છો તો વ્યવહાર પકડી પર્યાયજ્યેષ્ઠને વંદન કેમ નથી કહેતા.

→ નિશ્ચય અને વ્યવહાર ઉભય આશ્રયણ હોવાથી પોતપોતાના સ્થાને કહેવાયેલા કાર્યનુ સેવન કલ્યાણકરનાર છે. જ્યારે વ્યવહારયોગ્ય કાર્ય હોય ત્યારે તે જ કરવુ જ્યારે નિશ્ચય યોગ્ય કાર્ય હોય ત્યારે તે જ કરવું એકમાત્ર પક્ષપાત વડે વિપરીત કરવું નહી. આથી નિશ્ચય પ્રતિબદ્ધસ્થલમાં વ્યવહારાદિનું અગ્રહણ હોય તો કર્મબંધ થતો નથી.

Note Book Date / /

## * ચારિત્ર ઉપસંપદા =

ચારીત્રોપસંપદા

(૧) વૈયાવૃત્યનિમિત્તે (૨) ક્ષપણનિમિત્તે

(૧) સાધુ સામાચારીમાં સીદાતે હોય તો

(૨) ગચ્છ અન્ય ક્ષપકની સેવામાં વ્યાપૃત હોય તો

આવા કારણોથી અન્યગચ્છમાં ગમન થાય છે.

## * ચારિત્રોપસંપદામાં વૈયાવૃત્યોપસંપદાની વિધિ :

પુરાણ-આગંતુક બંને હોય ત્યારની વિધિ.

(૧) → ઉપસંપદા માટે આવેલ અને વાસ્તવ્ય બંને જો યાવજ્જીવ ગુરુ પાસે રહેવાના હોય તો બંનેમાં જે લબ્ધિયુક્ત હોય તેને આચાર્યની સેવામાં રાખવો અન્ય ઉપાધ્યાયાદિની સેવામાં રાખવો.

(૨) આચાર્યની સેવામાં કોઈ ન હોય તો આગંતુકને આચાર્યની સેવામાં રાખવો ભલે તે લબ્ધિહીન હોય કે લબ્ધિયુક્ત હોય.

## * આગંતુક-વાસ્તવ્ય બંને લબ્ધિમાન હોય ત્યારે

→ ૧) આગંતુક ઉપાધ્યાયાદિને આપવો વાસ્તવ્ય આચાર્યની ઈચ્છાને બરોબર જાણતો હોવાથી આચાર્યની સેવા કરે

૨) આગંતુક ઉપાધ્યાયની વૈયાવૃત્ય કરવા ના પાડે તો વાસ્તવ્યને પ્રીતિપૂર્વક કરવા કહેવું

૩) વાસ્તવ્ય પણ ના પાડે તો આગંતુકનું વિસર્જન કરવું.

## * વાસ્તવ્ય યાવત્કથિક અને આગંતુક ઈત્વરકાલિક હોય તો

આમાં પણ પૂર્વની જેમ જ સમજવું એટલું વિશેષ કે- જો વાસ્તવ્ય ઉપાધ્યાયાદિની વૈયાવૃત્ય કરવા ઈચ્છતો ન હોય તો પ્રીતિ પૂર્વક તેને થોડો વિશ્રામ અપાય. જો તે વિશ્રામ પણ ન ઈચ્છે તો આગંતુકનો સર્વથા ત્યાગ કરવો.

Note Book Date / /

* વાસ્તવ્ય ઈત્વરકાલિક - આગંતુક યાવજ્જીવ

→ વાસ્તવ્ય થોડોક કાળ ઉપાધ્યાયાનિ અપાય. શેષ પૂર્વની જેમ સમજવું.

* બંને ઈત્વરિક હોય તો -

(૧) એક ઉપાધ્યાયને અપાય અન્ય આચાર્યવૈયાવૃત્યમાં રજાય

(૨) એક એ અન્યની અવધિ સુધી ધારણ કરાય અન્યની અવધિ પૂરી થાય ત્યારબાદ તેને સ્થાપિત કરાય

* ક્ષપણોપસંપદા =

ક્ષપક
- (૧) ઈત્વર
  - (૧) અટ્ઠમાદિ વિકૃષ્ટ તપ કરનાર
  - (૨) ઉપવાસ, છટ્ઠાદિ અવિકૃષ્ટ તપ કરનાર
- (૨) યાવત્કથિક (અંતે અનશન કરનાર)

ગુરુ વડે પૂછાય : પારણામાં તું કેવો થઈશ?

તે કહે = ગ્લાન સરખો

ગુરુ : તારા તપ વડે સર્યું, સ્વાધ્યાયવૈયાવચ્ચાદિમાં પ્રયત્ન કર

અન્યો = વિકૃષ્ટક્ષપક ગ્લાનસરખો થતો હોય તો પણ ઈચ્છાય

→ માસાદિક્ષપક તો બંને મતોને આશ્રયીને ઈચ્છાય છે.

→ ગુરુ વડે ગણ પૃચ્છા = ગુરુએ ગચ્છને પૂછવું કે - આ ક્ષપક તપ ઉપસંપદા સ્વીકારે છે, પુછાયેલો ગણ એમ કહે કે - આપણામાં એક ક્ષપક છે જ તેની સમાપ્તિ પછી આની વૈયાવૃત્ય કરશું તો ત્યાં સુધી તેને વિલંબ કરાવાય જો ક્ષપક તેમ ન ઈચ્છે તો તેનું વિસર્જન કરવું

→ જો ગચ્છેશ ગણને ન પૂછે તો સામાચારીની વિરાધના થાય અને ગણ ઉપસંપદ્ સ્વીકારનારની સેવા ન કરે.

→ વિશિષ્ટ નિર્જરાની ઈચ્છુક તે ગચ્છ તેનો પણ સ્વીકાર કરે તો તેનો પણ સ્વીકાર થાય. ત્યારબાદ જો વિધિપૂર્વક ગ્રહણ કરાયેલ ક્ષપકની સેવામાં પ્રમાદથી કે અનાભોગથી ગણ સીદાય તો સારી રીતે પ્રેરણા કરવી.

→ ઉપસંપદા સ્વીકારનાર પણ જો પોતાનું વૈયાવૃત્યાદિ કાર્ય ન કરે તો સારણા કરાય અને છતા તે અવિનીત હોઈ ન કરે તો કાળ પૂર્ણ થતા તેનું વિસર્જન કરાય.

## * ગૃહસ્થોપસંપદા =

સ્વામીવડે નહિ અપાયેલ અવગ્રહનો = સ્થાનનો ક્ષણમાત્ર પણ પરિભોગ સાધુને નકલ્પે તેમ કરતા તૃતીયવ્રતના ભંગનો પ્રસંગ આવે આથી - ક્યાંય પણ રહેવાની ઈચ્છાવાળાએ સ્વામીની અનુજ્ઞા લઈ વિધિપૂર્વક રહેવું.

→ જંગલમાં રહેવા પૂર્વસ્થિત વ્યક્તિની અનુજ્ઞા લેવી

→ તેના અભાવમાં ત્યાંના અધિષ્ઠાતા દેવનો અવગ્રહ કરવો

## * ઉપસંહાર

જિનાજ્ઞાયુક્ત = ભગવાનવડે કહેવાયેલ વિધિના પાલનમાં પરાયણ અને ગુરુપરતન્ત્ર = ગુરુવશવર્તિ સાધુઓની દશપ્રકારની સામાચારી સંક્ષેપથી = શબ્દસંક્ષેપથી કથન કરાઈ.

## * કેવા પ્રકારની દશધા સામાચારી અવશ્યાનુબંધયુક્ત ફળને આપે છે?

અધ્યાત્મધ્યાનરત = (૧) ધ્યાતા-ધ્યેય ભાવ અભેદ કરી દેનાર
(૨) પર અપેક્ષા વિષયમાં બહિર્મુખ
(૩) સ્વસ્વરૂપમાં ધ્યાનનિષ્ઠતાને પ્રાપ્ત

આવા સાધુને આ સામાચારી ધર્માદિ પુરુષાર્થની અપેક્ષાએ ઉત્કૃષ્ટ મોક્ષપુરુષાર્થ પ્રાપ્ત કરવા સાધન - હેતુ થાય છે.

→ દશધા સામાચારી વડે ઉત્પન્ન થયેલ અતિશાયિ શુક્લધ્યાન અને તેનાથી અધ્યાત્મધ્યાન દ્વારા તે મોક્ષહેતુ થાય છે.

Note Book Date / /

→ પ્ર. સામાચારીનિરતને પણ અનાભોગથી કર્મબંધ સંભવ છે. તો તે અકર્મતાભિમુખ થાય છે એ કેવી રીતે ?

→ ઉ. ઉક્તસામાચારી પરિણામવાળા સાધુને અનુપયોગમાં પણ રત્નત્રય સામ્રાજ્ય રૂપ મોક્ષમાર્ગને અભિમુખ પરિણામ જ હોય છે.

→ જે કાર્યમાં નિરંતર અભ્યાસ હોય છે. તેમા દૃઢસંસ્કારના વશે અનુપયોગ હોવા છતા પણ તેમા પ્રવૃત્તિ શરૂ રહે તે દૃષ્ટ્યર જ છે.

લલિતવિસ્તરા = અધ્યાત્મચિંતકો કહે છે કે - યોગીઓ તો અનાભોગથી પણ માર્ગગમનવાળા જ હોય છે. સદંધન્યાયની જેમ

સદંધન્યાય = પ્રકૃષ્ટપુણ્યોદય વાળો અંધજીવ પણ જો ગહનનવા ભીડ વાળા રસ્તા પર જાય છતા તો વિઘ્ન વિના પહોંચી જાય છે.

→ તેમ યોગીઓ પૂર્વપ્રવૃત્તિ = શુભયોગથી ઉત્પન્નથયેલ અદૃષ્ટના પ્રભાવથી માર્ગગમનવાળા જ રહે છે.

* ભાવમાત્રપ્રવૃત્તિ એકાન્તે હિતાવહ છે -

"ઘણું બધુ ભાષણ વ્યર્થ છે" ⇒ ઘણું ભાષણ પરસ્પર ધર્મકથામાં જ ઉપયોગી છે, સ્વલ્પ સારભૂતજ્ઞાનમાં પ્રવૃત્તિવાળા જીવોને તો તે ઉપદેશકર્મ ઉદ્વેગજનક છે.

"સમર્થવક્તાને તો સ્વલ્પ સારભૂત ઉપદેશ રહસ્યસ્વરૂપ છે"

ઉપનિષદુપદેશ =

જેમ જેમ રાગ-દ્વેષ = ક્રોધાદિ ચારનો ક્ષય થાય તેમ તેમ પ્રવર્તવું જોઈએ = ઉદ્યમવંત થવું જોઈએ.

→ આ ઉપદેશમાં કોઈ એકાંત નથી કે - પ્રતિનિયત કાર્યમાં જ પ્રવૃત્તિ કરવાની હોય છે" પણ એવો એકાંત છે કે - રાગ-દ્વેષની પરિક્ષય ને અનુકૂલ પ્રવૃત્તિ કરવાની છે. આથી રાગ-દ્વેષના ભાવમા પ્રવૃત્તિનો નિષેધ અને અભાવમા પ્રવૃત્તિ સમજ લેવી.

→ જિનવડે નિષિદ્ધ કરાએલ આચરણ = વિકૃતિભક્ષણાદિમાં રાગ-દ્વેષ હાનિ થતી હોવાથી પ્રવૃત્તિ કરે તો પણ જિનાજ્ઞા ભંગ નથી કેમકે સંપૂર્ણ ગ્રંથવિસ્તારનો સાર એટલો જ છે કે રાગ-દ્વેષ ક્ષય થાએ.

Note Book Date / /

* (૨) સામાચારીનું નિરૂપણ }
(૨) વીરપ્રભુની સ્તુતિ } ની સમાપ્તિને સૂચવતા
(૨) ફળની પ્રાર્થના કરતા
(૨) રચનાગર્ભિત સ્વનામ સૂચવતા કહે છે.

→ આ પ્રમાણે સમ્યક્પ્રકારે સ્તવન કરાયેલ હે વીર! હે મહાયશ! હે જગદ્ બાંધવ મને બોધિ = સમ્યક્ત્વ આપો.

મહાયશ = નિરૂપમકીર્તિ
જગદ્બાંધવ = ભવ્યલોકને હિતમાં પ્રવર્તન કરાવવાથી અને અહિતથી અટકાવવા હોવાથી બાંધવ સરખા

→ આ ભવ સંબંધિ સંપત્તિનો સમ્યક્ત્વ પ્રાપ્તિ થવાથી અવશ્ય થવાની જ છે.

→ પ્રભુના સ્તવન વડે યશ-વિજય (ઉપલક્ષિત ઐશ્વર્યાદિ) નિશ્ચય કરીને પ્રાપ્ત થાય છે

યશ: = પાણ્ડિત્યાદિ રૂપે પ્રસિદ્ધિ
વિજય = બધા કરતા શ્રેષ્ઠતા સ્વરૂપવાળો.

→ પીયુષપાન ⟶ આંતરાહ્લિક સુખ / તાપનો ઉપશમ ⟶ અજરામર પ્રાપ્તિ

ભગવદ્ગુણગાનપ્રવૃત્તિ ⟶ લૌકિકસુખ ⟶ બોધિની પ્રાપ્તિ